# શબ્દ અને સૂર



# ભક્તિ સંગીત



: સંકલન :

ડૉ. જનક શાહ

શ્રીમતી ભારતી શાહ

# અમારા પ્યારા સંતાનો

# અને

# અમારા બન્નેના

# પરિવારના

# સર્વે પ્યારા સંતાનોને

# સપ્રેમ...

# મન ની વાત.......



અમેરિકા આવ્યા પછી એક દિવસ સાથે મળીને ગીત ગાતા હતા ત્યારે ચિ.ભૈરવીએ કહયું, ‘‘પપ્પા આ ગીતનો રાગ આવડે છે પણ શબ્દો સ્મૃતિમાં નથી’’. ચિ.આશી અને ઈશ્વાનો જન્મ થતા તેમને હાલરડાં અને ગીતો ગાઈને સુવરાવતી વખતે અમુક શબ્દો વિસ્મૃત થઈ જવાની પાછી તેજ સમસ્યા નડવા લાગી. ધરા, આભા, આનંદ, ભૈરવી અને ચિન્ટુને બચપણમાં હિંચકા પર સુવરાવતી વખતે બા નો સથવારો હતો તેથી આ વિસ્મૃતિની સમસ્યા ઓછી નડી હતી. હોસ્પિટલના વેદના ભર્યા દિવસોમાં પૂ. બાની સાથે ગાયેલા ભજનોથી સમેલી વેદના યાદ આવી. જિંદગીની લગભગ આખી મંજિલ આ ગીતો, પ્રાર્થના, ભજનો, હાલરડા, ગરબા, લોકગીતો અને ગઝલોના સથવારામાં કયારે પસાર થઈ ગઈ તેની તો ખબરજ ન પડી. સાથે સાથે તેના દ્વારા જે સંસ્કાર વારસો અમારા માતા-પિતા આપતા ગયા તેની પણ અમને ખબર ન પડી. અત્યારે તેનું મુલ્ય સમજાય છે. નવી પેઢીમાં આ વારસો જળવાય રહે તે અત્યંત આવશ્યક છે. જિંદગીભર એક અફસોસ રહી ગયો છે કે અમે અમારા માતા-પિતાના અવાજને કોઈપણ માધ્યમથી સાચવી નથી શક્યા.

સૂરના જાદુની વાત તો કાંઈ અનોખી જ છે. સૂર ને શબ્દનો કે શબ્દને સૂરનો સથવારો મળેતો જિંદગીની આ લાંબી મંજીલ બહુ મધુરતાથી પસાર થાય પણ તે સથવારો કયારે મળે? તે માટેનું માધ્યમનું નક્કર સ્વરૂપ સચવાયું હોય અને તે સરળતાથી ઉપલબ્ધ હોય ત્યારે મળે. અમેરિકામાં સમયનો સદ્‌ઉપયોગ કરતા

કરતા, સ્મૃતિ અને ઈન્ટરનેટના સથવારે અમે ગાયેલા, ગાવા ગમે તેવા ચિરંજીવી સુગમ ગીતો, ભજનો, લોકગીતો, સ્તવનો, ગરબા, ગઝલો, હાલરડા વગેરેનો નાનકડો સંગ્રહ થઈ ગયો છે. શબ્દની ઉપલબ્ધિ સહુ કોઈ પોતાના કોમ્પ્યુટર પર કરી શકે તે પ્રયોજનથી અહિયા 'સૂર અને શબ્દ'ને પ્રસ્તુત કરીએ છીએ. હા, એટલું યાદ રાખવું આવશ્યક છે કે અહિંયા સંગ્રહાયેલ કૃતિના શબ્દોના કોપી રાઈટ જે તે કૃતિના રચયિતાના છે. અહિંયા સંગ્રહાયેલ કૃતિમાં કોઈ શબ્દ-દોષ હોય તો તે કદાચ સ્મૃતિ-દોષ હોવાની સંભાવના છે. તે શબ્દ-દોષનુ નિવારણ થઈ શકે તેમ હોયતો તે તરફ અમારૂં ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે. આજના ઈન્ટરનેટના યુગમાં **readgujarati. com.** અને **tahuko.com.** જેવી વેબ સાઈટો અને ગુજરાતી બ્લોગ જગતના પ્રખર પ્રયાસો માટે સેંકડો અભિનંદન. અમને આશા છે કે અમારો આ 'સૂર અને 'શબ્દ'નો નાનકડો પ્રયાસ જરૂરીયાતના સમયે મધુર સથવારો અને સંસ્કારનો વારસો પૂરો પાડશે તો આ સંકલન અલેખે નહી જાય.

૧૬-૧-૨૦૦૯ ડૉ. જનક શાહ
અમેરિકા. શ્રીમતી ભારતી શાહ



# : અનુક્રમણિકા :

## ભક્તિ સંગીત


| ક્રમ | કૃતિ |
|---|---|
| (૧) | અસત્યો માંહેથી |
| (૨) | અમે મહેમાન દુનિયાના |
| (૩) | અબ સોંપ દિયા ઇસ જીવન કો |
| (૪) | અબ હમ આનંદકો ઘર પાયો |
| (૫) | આજની ઘડી રે રળિયામણી |
| (૬) | આવકારો |
| (૭) | એ રી મૈં તો પ્રેમદિવાની, |
| (૮) | ઇતની શક્તિ હમે દે ના દાતા |
| (૯) | ઇશ્વર છે તુજથી યાચના, સાંભળ તું મારી પ્રાર્થના |
| (૧૦) | ઊંચી મેડી તે મારા સંતની રે |
| (૧૧) | એક જ દે ચિનગારી |
| (૧૨) | એક પંખી આવીને ઉડી ગયુંપ. |
| (૧૩) | એકલાં જ આવ્યા મનવા |
| (૧૪) | ૐ તત્સત્ પ |
| (૧૫) | હે ઓધાજી મારા વ્હાલાને વઢીને કે'જો જી |
| (૧૬) | ક્હાના આવે તારી યાદ ! |
| (૧૭) | કરમનો સંગાથી |
| (૧૮) | કાન તને રાધા ગમે કે ગમે મીરાં? |
| (૧૯) | કોઇ લાખ કરે ચતુરાઇ |

(૨૦) ખુશી દેજે જમાનાને
(૨૧) ગુજારે જે શિરે તારે
(૨૨) ગુરુજીના નામની માળા
(૨૩) घुंघटका पट खोल रे
(૨૪) ચપટી ભરી ચોખા નેપ
(૨૫) ચદરીયાં ઝીની રે બીની
(૨૬) ચાર દિવસના ચાંદરણા પર
(૨૭) જમુના ને કાંઠે કા'નો
(૨૮) જ્યાં જ્યાં નઝર મારી ઠરે
(૨૯) જેનાં મન નવ ડગે,
(૩૦) જે ગમે જગતગુરુ દેવ જગદીશને
(૩૧) જીવન અંજલી થાજો
(૩૨) જુનું તો થયું રે દેવળ
(૩૩) ઝેર તો પીધાં જાણી જાણી
(૩૪) તમે રે તિલક રાજા રામના
(૩૫) તમે તો અમારા ને અમે તો તમારા
(૩૬) તારા વિના શ્યામ મને એકલડું લાગે
(૩૭) તાલીઓના તાલે ગોરી ગરબે ઘૂમી ગાય રે
(૩૮) તેં તો રાત આખી વાંસળી વગાડ્યા કરીપ.
(૩૯) દર્શન દયો ઘનશ્યામ નાથ,
(૪૦) ધૂણી રે ધખાવી બેલી અમે તારા નામની
(૪૧) નાગર નંદજીના લાલ !
(૪૨) પગ ઘુંઘરું બાંધી નાચી રે
(૪૩) પગ મને ધોવા દો
(૪૪) પ્રભુજી ને પડદામાં રાખમાં

(૪૫) પ્રભુજી તુમ ચંદન હમ પાની
(૪૬) પ્રભુ ! મોરે અવગુણ ચિત્ત ન ધરો
(૪૭) પ્રેમળ જ્યોતિ તારો દાખવી
(૪૮) પાની મેં મીન પિયાસી!
(૪૯) પાયો જી મૈને રામ રતન ધન પાયો
(૫૦) પંખીડા રે ઉડી જાજો..
(૫૧) પંખીડાને આ પીંજરુ જૂનું જૂનું લાગે
(૫૨) બે ફૂલ ચઢાવે
(૫૩) ભક્તિ કરતાં છૂટે મારાં પ્રાણપ
(૫૪) ભીતરનો ભેરૂ
(૫૫) મને એ જ સમજાતું નથી
(૫૬) મનને સ્થિર કરી
(૫૭) મા તારો ગરબો ઝાકમજોળ..
(૫૮) મા બાપને ભૂલશો નહિ
(૫૯) માટી કહે કુમ્હાર સે, તૂં જ્યોં રૌંદે મોય;
(૬૦) માડી તારુ કંકુ ખર્યું ને સુરજ ઊગ્યો
(૬૧) મા પાવા તે ગઢથી ઊતર્યાપ
(૬૨) મા મને કોઈ દી સાંભરે નૈ,
(૬૩) માધવ ક્યાંય નથી મધુવનમાં !
(૬૪) મારા રામ, તમે સીતાજીને તોલે ન આવો
(૬૫) મારી શેરીએથી કાનકુંવર આવતા રે લોલ
(૬૬) મારે મહિસાગરને આરેપ
(૬૭) મુને એકલી જાણીને ક્હાને છેડી રેપ
(૬૮) મુખડાની માયા લાગી રે
(૬૯) મુખડા કયા દેખો દરપનમેં,
(૭૦) મૂળ રે વિનાનું

(૭૧) મેરૂ તો ડગે પણ જેનાં મન નવ ડગે

(૭૨) મૈલી ચાદર ઓઢકે કૈસે

(૭૩) મંગલ મંદિર ખોલો

(૭૪) મંદિર તારું વિશ્વ રૂપાળું

(૭૫) રાખનાં રમકડાં

(૭૬) રામ રાખે તેમ રહીએ

(૭૭) રામ રમકડું જડિયું રે રાણાજી

(૭૮) રાધાનું નામ તમે

(૭૯) રંગાઇ જાને રંગમાંપ..

(૮૦) વડલો કહે મારી વનરાચું સળગી ને

(૮૧) વ્હાલમની વાંસળી વાગી

(૮૨) વૈષ્ણવજન

(૮૩) સરવર કાંઠે શબરીપ

(૮૪) સુખદુઃખ મનમાં ન આણીએ

(૮૫) સંગત સંતનકી કરલે

(૮૬) સાખી

(૮૭) સાથીયા પુરાવો દ્વારે

(૮૮) સાચી રે મારી સત રે ભવાની મા

(૮૯) સોનલ ગરબો શીરે ..

(૯૦) શંભુ ચરણે પડી

(૯૧) શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમન

(૯૨) હે કિરતાર મને આધાર તારો

(૯૩) હે જ્યોર્તિધર સત્ય પ્રકાશો

(૯૪) હે જગ જનની.....

(૯૫) હે મુને એકલી મૂકીને રમે રાસપ.

(૯૬) હે શારદે મા !હે શારદે મા !

(૯૭) હું તો કાગળિયાં લખી લખી થાકી
(૯૮) હંસલા હાલોને હવે મોતીડા નહીં રે જડે
(૯૯) હે કિરતાર મને આધાર તારો
(૧૦૦) હે જ્યોર્તિધર સત્ય પ્રકાશો, અમ મન મંદિરીયે,
(૧૦૧) હે જગ જનની હે જગદંબા..
(૧૦૨) હે મુને એકલી મૂકીને રમે રાસ...
(૧૦૩) હે શારદે મા !હે શારદે મા ! અજ્ઞાનતા સે હમે તાર દે મા
(૧૦૪) દાન દે, વરદાન દે, પ્રભુ દાન દે
(૧૦૫) प्रभु जी तुम चंदन हम पानी



## અસત્યો માંહેથી

પ્રભો અંતર્યામી જીવન જીવના દીનશરણા,
પિતા માતા બંધુ, અનુપમ સખા હિતકરણા;
પ્રભા કીર્તિ કાંતિ, ધન વિભવ સર્વસ્વ જનના,
નમું છું, વંદું છું, વિમળમુખ સ્વામી જગતના.

સૌ અદભૂતોમાં તુજ સ્વરૂપ અદભૂત નીરખું,
મહા જ્યોતિ જેવું નયન શશીને સૂર્ય સરખું,
દિશાઓ ગુફાઓ પૃથ્વી ઊંડું આકાશ ભરતો,
પ્રભો એ સૌથીએ પર પરમ હું દૂર ઊડતો.

પ્રભો તું આદિ છે શુચિ પુરૂષ પુરાણ તું જ છે,
તું સૃષ્ટિ ધારે છે, સૃજન પલટયે નાથ તું જ છે,
અમારા ધર્મોને અહર્નિશ ગોપાલ તું જ છે,
અપાપી પાપીનું શિવ સદન કલ્યાણ તું જ છે.

પિતા છે અકાકિ જડ સકળને ચેતન તણો,
ગુરૂ છે મોટો છે જનકૂળ તણો પૂજ્ય તું ઘણો,
ત્રણે લોકે દેવા નથી તું જે સમો અન્ય ન થશે,
વિભુરાયા તુંથી અધિક પછી તો કોણ જ હશે.

વસે બ્રહ્માંડોમાં, અમ ઉર વિષે વાસ વસતો,
તું આઘેમાં આઘે, પણ સમીપમાં નિત્ય હસતો,

નમું આત્મા ઢાળી, નમન લળતી દેહ નમજો,
નમું કોટિ વારે, વળી પ્રભુ નમસ્કાર જ હજો.

અસત્યો માંહેથી પ્રભુ ! પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી, પ્રભુ ! પરમ તેજે તું લઈ જા;
મહામૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ ! લઈ જા,
તું-હીણો હું છું તો તુજ દરશનાં દાન દઈ જા.

પિતા ! પેલો આઘે, જગત વીંટતો સાગર રહે,
અને વેગે પાણી સકળ નદીનાં તે ગમ વહે;
વહો એવી નિત્યે મુજ જીવનની સર્વ ઝરણી,
દયાના પુણ્યોના, તુજ પ્રભુ ! મહાસાગર ભણી.

થતું જે કાયાથી, ઘડીક ઘડી વાણીથી ઊચરું,
કૃતિ ઇંદ્રિયોની, મુજ મન વિશે ભાવ જ સ્મરું;
સ્વભાવે બુદ્ધિથી, શુભ-અશુભ જે કાંઈક કરું,
ક્ષમાદષ્ટે જોજો, - તુજ ચરણમાં નાથજી ! ધરું.

“કવિ ન્હાનાલાલ”

## <u>અમે મહેમાન દુનિયાના</u>

અમે મહેમાન દુનિયાના, તમે મહેમાન દુનિયાના;
સહુ મહેમાન દુનિયાના, છીએ મહેમાન દુનિયાના.

અહીં ઘડી પહોર કે દિન માસ, કે બહુ વર્ષ રહેવાના;
છતાં કયારે જશું નક્કી, નહીં એ સાફ કહેવાના.

બરાબર બાજરી ખૂટે, ઉઠીને તૂર્ત જવાના;
સબંધી રોકશે તોયે, પછી ના પલક રહેવાના.

પ્રભુની મહેર ત્યાં સુધી, અમો આ ખેલ જોવાના;
નિહાળી વ્યોમતો એની, બઢો આનંદ લેવાના.

જમા કીધું જશું મેલી, નથી કાંઈ સાથ લેવાના;
નથી માલેક તો અંતે, અમો ફૂટી બદામોના.

નથી તો કાંઈ લાવેલા, ન કાંઈ લઈ જવાના;
પ્રભુજીના પરોણાને, કશી વાતે કમીતા ના.

ભલે વ્હાલા ઊડી જાએ, અમે ન લેશ રોવાના;
અમો પણ એજ મારગમાં, છીએ આખર જવાના.



## અબ સોંપ દિયા ઈસ જીવન કો

અબ સોંપ દિયા ઈસ જીવન કો,
ભગવાન તુમ્હારે ચરણોંમેં. (૨)

મેં હું શરણાગત પ્રભુ તેરા,
રહો ધ્યાન તુમ્હારે ચરણો મેં. (૨)

મેરા નિશ્ચય બસ એક હી વહી,
મેં તુમ ચરણોંકા પુજારી બનું. (૨)

અર્પણ કરદું દુનિયા ભરકા,
સબ પ્યાર તુમ્હારે ચરણો મેં. (૨)

જો જગમેં રહું તો એસે રહું
જ્યું જલમેં કમલકા ફૂલ રહે.(૨)

હે મન વચન કાય હ્રદય અર્પણ,
ભગવાન તુમ્હારે ચરણોંમેં. (૨)

જહાં તક સંસારમેં ભ્રમણ કરું,
તુજ ચરણોં મેં જીવનકો ધરું.(૨)

તુમ સ્વામી, મે સેવક તેરા,
ધરું ધ્યાન તુમ્હારે ચરણો મેં. (૨)

મૈં નિર્ભય હું તુજચરણો મેં.
આનંદ મંગલ હે જીવન મેં (૨)

રિદ્ધિ સિદ્ધિ ઔર સંપત્તિ, સબ,
મિલ ગઈ હે પ્રભુ તુજ ચરણો મેં. (૨)

મેરી ઈચ્છા બસ એક પ્રભુ,
એક બાર તુઝે મિલ જાઉં મેં. (૨)

ઈસ સેવક કી એક રગ રગ કા,
હો તાર તુમ્હારે હાથો મેં. (૨)

# અબ હમ આનંદકો ઘર પાયો

અબ હમ આનંદકો ઘર પાયો..ટેક
જબહિ કિરપા ભયી સદ્‌ગુરુકી, અભે' નિશાન બજાયો..
કામ-ક્રોધકી ગાગર ફૂટી, મમતાકો નીર બહાયો
તજ પ્રપંચ વિવિધ કિરિયા સબ, રામચરણ ચિત્ત લાયો...
પાંચ તત્ત્વકી આ તન-ગોદડી, સૂરતાકો તોપ બનાયો;
હદ ઘર છોડ બેહદ ઘર આસન, ગગનમંડળ મઠ છાયો....
નહિ ચાંદ સૂરજ દિવસ, નહિ રજની, વહાં જઈ લાડ લડાયો;
કહત કબીર કોઈ પિયુકી પ્યાસી, પિયુ પિયુ રટ લાયો....

''કબીર ''



## આજની ઘડી રે રળિયામણી

હો મારે આજની ઘડી રે રળિયામણી,
હાં રે ! મારો વાલો આવ્યાની વધામણી હોજી રે.મારે.
હા જી રે તરિયા તોરણ તે બંધાવિયા,
મારા વાલાજીને મોતીડે વધાવિયા રે. મારે.
હા જી રે લીલા, પીળા તે વાંસ વઢાવિયા,
મારા વાલાજીનો મંડપ રચાવિયો રે. મારે.
હા જી રે ગંગા-જમનાના નીર મંગાવીએ,
મારા વાલાજીના ચરણ પખાળિયે રે મારે.
હા જી રે સોનારૂપાની થાળી મંગાવીએ
માંહે ચમકતો દીવડો મેલાવિયે રે મારે.
હા જી રે તન, મન, ધન, ઓવારિયે,
મારા વાલાજીની આરતી ઉતારીએ રે મારે.
જી રે રસ વધ્યો છે અતિ મીઠડો,
મે'તા નરસિંહનો સ્વામી દીઠડો રે..મારે.

"નરસિંહ મહેતા"

## આવકારો -

તારા આંગણિયા પૂછીને જે કોઈ આવે રે..
આવકારો મીઠો આપજે રે જી..
તારે કાને રે સંકટ કોઈ સંભળાવે રે..
બને તો થોડાં કાપજે રે જી..
માનવીની પાસે કોઈ, માનવી ન આવે રે..
તારા દિવસો દેખીને દુનિયા આવે તો..
આવકારો મીઠો આપજે રે જી..
કેમ તમે આવ્યા છો? એવું નવ પૂછજે રે..
એને ધીરે રે ધીરે તું બોલવા દેજે રે..
આવકારો મીઠો આપજે રે જી..
વાતું એની સાંભળીને, આડું નવ જોજે રે..
એને માથું રે હલાવી હોંકારો દેજે રે..
આવકારો મીઠો આપજે રે જી..
'કાગ' એને પાણી પાજે, ભેળો બેસી ખાજે રે..
એને ઝાંપા રે સુધી તું મેલવાને જાજે રે..
આવકારો મીઠો આપજે રે જી..

"દુલા ભાયા કાગ"



# એ રી મૈં તો પ્રેમદિવાની

એ રી મૈં તો પ્રેમદિવાની, મેરા દરદ ન જાને કો'ય ...
ટેક

શૂલી ઉપર સેજ હમારી, કિસ બિધ સોના હોય ?
ગગનમંડલ પે સેજ પિયાકી-,
કિસ બિધ મિલના હોય ? ... એ રી

ઘાયલ કી ગતિ ઘાયલ જાને, ઔર ન જાને કોઇ
જૌહરી રી ગતિ જૌહરી જાને,
કિ જિન જૌહર હોય એ ... રી

દરદકી મારી બન ડોલું, વૈદ મિલ્યા નહીં કોય;
મીરાં કી પ્રભુ પીડ મિટૈગી,
જબ વૈદ સાંવરિયા હોય એ રી ...

“મીરાંબાઇ"



# ઈતની શકિત હમે દે ના દાતા

ઈતની શકિત હમે દે ના દાતા, મનકા વિશ્વાસ કમજોર હો..ના.

હમ ચલે નેક રસ્તે પે હમસે, ભૂલકર ભી કોઈ ભૂલ હો..ના

દૂર અજ્ઞાન કે હો અંધેરે,

તું હમે જ્ઞાન કી રોશની દે

હર બૂરાઈ સે બચકર રહે હમ,

જિતની ભી દે ભલી જિંદગી દે

વૈર હો ના કિસી કા કિસી સે

ભાવના મનમેં બદલે કી હો ના.... હમ ચલે નેક... ઈતની

હમ ન સોચે હમેં કયા મિલા હૈ,

હમ યે સોચે કિયા કયા હૈ અર્પણ

ફૂલ ખુશીયાં કે બાટે સદા હમ,

સબકા જીવન હી બન જાય મધુવન

અપની કરૂણા કા જલ તૂં બહા કે

કર દે પાવન હર ઈક મન કા કોના... હમ ચલે નેક... ઈતની



## <u>ઈશ્વર છે તુજથી યાચના સાંભળ તું મારી પ્રાર્થના</u>

ઈશ્વર છે તુજથી યાચના સાંભળ તું મારી પ્રાર્થના

સત્યને રસ્તે જાવ હું, ઠોકર કદીના ખાવ હું
હાથ પકડ તું બાળના, સાંભળ તું મારી પ્રાર્થના

જીભને સારા બોલ દે, બોલને પૂરા તોલ દે
વિદ્યા હો મારી સાધના, સાંભળ તું મારી પ્રાર્થના

મારી નજરમાં જ્યોત ભર દર્પણ સમુ હૃદયને કર
ભટકે ન કોઈ વાસના, સાંભળ તું મારી પ્રાર્થના



## ૐ તત્સત્ ...

ૐ તત્સત્ શ્રી નારાયણ તું, પુરુષોત્તમ ગુરુ તું;
સિદ્ધ બુદ્ધ તું, સ્કન્દ વિનાયક સવિતા પાવક તું.
બ્રહ્મ મજદ તું, યહ્વ શક્તિ તું, ઈસુ પિતા પ્રભુ તું;
રુદ્ર વિષ્ણુ તું, રામ-કૃષ્ણ તું, રહીમ તાઓ તું.
વાસુદેવ વિશ્વરૂપ તું, ચિદાનન્દ હરિ તું;
અદ્વિતીય તું, અકાલ નિર્ભય આત્મલિંગ શિવ તું.
ૐ તત્સત્ શ્રી નારાયણ તું, પુરુષોત્તમ ગુરુ તું.



## ઊંચી મેડી તે મારા સંતની રે

ઊંચી મેડી તે મારા સંતની રે,
મેં તો મા'લી ન જાણી રામ.. હો રામ..
અમને તે તેડાં શીદ મોકલ્યાં,
કે મારો પીંડ છે કાચો રામ,
મોંઘા મૂલની મારી ચુંદડી,
મેં તો મા'લી ન જાણી રામ.. હો રામ..
ઊંચી મેડી તે મારા સંતની રે....
અડધાં પેહર્યાં અડધાં પાથર્યાં,
અડધાં ઉપર ઓઢાડ્યાં રામ
ચારે છેડે ચારે જણાં,
તોયે ડગમગ થાયે રામ.. હો રામ..
ઊંચી મેડી તે મારા સંતની રે....
નથી તરાપો, નથી ડુંગરા,
નથી ઉતર્યાનો આરો રામ
નરસિંહ મહેતાના સ્વામી શામળા,
પ્રભુ પાર ઉતારો રામ.. હો રામ..
ઊંચી મેડી તે મારા સંતની રે....

"નરસિંહ મહેતા"

## એક જ દે ચિનગારી

એક જ દે ચિનગારી, મહાનલ!
એક જ દે ચિનગારી.

ચકમક લોઢું ઘસતાં ઘસતાં ખરચી જિંદગી સારી,
જામગરીમાં તણખો ન પડ્યો, ન ફળી મહેનત મારી.
મહાનલ! એક જ દે ચિનગારી..

ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો, સળગી આભઅટારી,
ના સળગી એક સગડી મારી, વાત વિપતની ભારી.
મહાનલ! એક જ દે ચિનગારી..

ઠંડીમાં મુજ કાયા થથરે, ખૂટી ધીરજ મારી,
વિશ્વાનલ હું અધીક ન માગું, માગું એક ચિનગારી.
મહાનલ! એક જ દે ચિનગારી..

"હરિહર ભટ્ટ"

## એક પંખી આવીને ઉડી ગયું....

એક પંખી આવીને ઉડી ગયું,
એક વાત સરસ સમજાવી ગયું.
આ દુનિયા એક પંખીનો મેળો, કાયમ ક્યાં રેહવાનું છે
ખાલી હાથે આવ્યા એવાં ખાલી હાથે જવાનું છે
જેને તેં તારું માન્યું તે તો અહિં નું અહિં રહી ગયું
એક પંખી આવીને....
જીવન પ્રભાતે જન્મ થયો ને સાંજ પડે ઉડી જા તું
સગા-સબંધી માયા-મૂડી સૌ મૂકી અલગ થા તું
એકલવાયું આતમ પંખી, સાથે ના કંઇ લઇ ગયું
એક પંખી આવીને....
પાંખોવાળા પંખીઓ જે ઉડી ગયા આકાશે
ભાન ભુલી ભટકે ભવ રણમાં માયા મૃગજળના આશે
જગતની આંખો જોતી રહી ને પાંખ વીના એ ઉડી ગયું
એક પંખી આવીને....
ધર્મ પૂણ્યની લક્ષ્મી ગાંઠે સત્તરમાનો સથવારો
ભવસાગર તરવાની વાતે અન્ય નથી કોઇ આરો
જતાં જતાં પંખી જીવનનું સાચો મર્મ સમજાવી ગયું
એક પંખી આવીને....

## એકલાં જ આવ્યા મનવા

એકલાં જ આવ્યા મનવા, એકલાં જવાના
સાથી વિના, સંગી વિના, એકલાં જવાના
કાળજાની કેડીએ કાયા ના સાથ દે
કાળી કાળી રાતડીએ છાયા ના સાથ દે
કાયા ના સાથ દે ભલે, છાયા ના સાથ દે ભલે
પોતાના જ પંથે પોતના વિનાના
સાથી વિના, સંગી વિના, એકલાં જવાના
આપણે અંહી એકલા ને કિરતાર એકલો
એકલા જીવોને એનો આધાર એકલો
વેદના સહીએ ભલે, એકલા રહીએ ભલે
એકલા રહીને બેલી થવું રે બધાનાં
સાથી વિના, સંગી વિના, એકલાં જવાના
એકલાં જ આવ્યા મનવા, એકલાં જવાના
સાથી વિના, સંગી વિના, એકલાં જવાના

બરકત વિરાણી 'બેફામ'



## હે ઓધાજી મારા વ્હાલાને વઢીને કે'જો જી

હે ઓધાજી મારા વ્હાલાને વઢીને કે'જો જી
માને તો મનાવી લેજો જી
મથુરાના રાજા થ્યા છો
ગોવાળોને ભૂલી ગ્યા છો
માનીતી ને ભૂલી ગ્યા છો
એ ઓધાજી મારા વ્હાલાને વઢીને કે'જો જી
માને તો મનાવી લે'જો રે
મારા વ્હાલાને વઢીને કે'જો જી
એકવાર ગોકૂળ આવો
માતાજી ને મ્હોં લેખાવો
ગાયો ને હંભારી જાઓ રે
હે ઓધાજી મારા વ્હાલાને વઢીને કે'જો જી
માને તો મનાવી લેજો જી
મારા વ્હાલાને વઢીને કે'જો જી
વ્હાલાની મરજીમાં રહેશું
જે કહેશે તે લાવી દેશું
કુબજા ને પટરાણી કેશું રે
એ ઓધાજી મારા વ્હાલાને વઢીને કે'જો જી
માને તો મનાવી લે'જો રે
મારા વ્હાલાને વઢીને કે'જો જી

તમે છો ભક્તોના તારણ

એવી અમને હૈયા ધારણ

હે ગુણ ગાય ભગો ચારણ

એ ઓધવજી મારા વ્હાલાને વઢીને કે'જો જી

માને તો મનાવી લે'જો રે

મારા વ્હાલાને વઢીને કે'જો જી

સરખી સાહેલી સાથે

કાગળ લખ્યો મારા હાથે

વાંચ્યો નહીં મારા નાથે

એ ઓધવજી મારા વ્હાલાને વઢીને કે'જો રે

માને તો મનાવી લે'જો રે

મારા વ્હાલાને વઢીને કે'જો રે

મથુરાને મારગ જાતા

લૂંટી તમે માખણ ખાતા

તોડ્યા કેમ જુના નાતા રે

એ ઓધવજી મારા વ્હાલાને વઢીને કે'જો રે

માને તો મનાવી લે'જો રે

મારા વ્હાલાને વઢીને કે'જો રે



## ક્હાના આવે તારી યાદ !

શ્રાવણ વરસે સરવડે ને ઝરમરીયો વરસાદ,
ક્હાના આવે તારી યાદ !
વીજ ઝબૂકે વાદળ વચ્ચે તરવરીયો ઉન્માદ,
ક્હાના આવે તારી યાદ !

જમણી આંખ ગઇ મથુરાને ડાબી ગઇ ગોકુળમાં,
હૈયું વૃંદાવન જઇ બેઠું કુંજગલીના કુલમાં
ક્હાના આવે તારી યાદ !

ગોપી થઇ ઘૂમુ કે કહાના ! બનું યશોદા મૈયા ?
કે રાધા થઇને રીઝવું તુજને હે સતપથ રખવૈયા ?
ક્હાના આવે તારી યાદ !

તનડુ ડુબ્યું જઇ જમુના ને મનડું નામ સ્મરણમાં
સૂધબૂધ મારી આકુળવ્યાકુળ તારા પરમ ચરણમાં.
ક્હાના આવે તારી યાદ !



## કરમનો સંગાથી

હેજી રે કરમનો સંગાથી, રાણા મારું કોઈ નથી.. (2)

હો.. એક રે ગાયુનાં દો-દો વાછરું,

લખ્યાં એનાં જુદાં જુદાં લેખ..

એક રે બન્યો શિવજીનો પોઠિયો,

બીજો ઘાંચીડાને ઘેર.. હેજી રે કરમનો સંગાથી..

હો.. એક રે માતાનાં દો-દો દીકરા,

લખ્યાં એનાં જુદાં જુદાં લેખ..

એકને માથે રે છત્તર બિરાજે,

બીજો ભારા વેચી ખાય.. હેજી રે કરમનો સંગાથી..

હો.. એક રે માટીનાં દો-દો મોરિયા,

લખ્યાં એનાં જુદાં જુદાં લેખ..

એક રે મોરિયો શિવજીની ગળતી,

બીજો મસાણે મૂકાય.. હેજી રે કરમનો સંગાથી..

હો.. એક રે પત્થરનાં દો-દો ટુકડા,

લખ્યાં એનાં જુદાં જુદાં લેખ..

એક રે બન્યો શિવજીની મૂર્તિ,બીજો ગંગાજીને ઘાટ..

હેજી રોહીદાસ ચરણે મીરાંબાઈ બોલીયા,

દેજો અમને સંત ચરણે વાસ, હેજી રે કરમનો સંગાથી..



## કાન તને રાધા ગમે કે ગમે મીરાં?

કાન તને રાધા ગમે કે ગમે મીરાં?
એકે કાળજ કરવત મેલ્યાં, એકે પાડ્યા ચીરા!....
એકે જોબન ઘેલી થઈને તુજને નાચ નચાવ્યો;
એકે જોબન ધૂણી માથે તારો અલખ જગાવ્યો.
એકે તુજને ગોરસ પાયાં, એકે ઝેર કટોરા!... કાન તને
પચરંગી પાનેતર તું વિણ રાધે કદી ન પહેર્યાં;
મખમલિયો મલીર મીરાંનાં અંગે કદી ન ઓઢીયાં.
એકે ઓઢી શ્યામ ઓઢણી,એકે ભગવત લીરા !...કાન તને
મલક બધાનો મેલી મલાજો રાધા બની વરણાગણ;
ભરી ભાદરી મેલી મહેલા તો મીરાં બની વીજોગણ.
એક નામની દરદ દીવાની,બીજી શબદ શરીરા!...કાન તને
કીધું ક્રિષ્નએ પૂછો એટલું મળે ક્યાંય જો રાધા;
મળે ક્યાંય તો પૂછો મીરાંને કોને વહાલો માધા?
મોરે અંતર રાધા વેણુ વગાડે, ભીતર મીરાં મંજીરા!
કાન કહે મારે બે સરખાં રાધા-મીરાં! !...કાન તને



## <u>કોઇ લાખ કરે ચતુરાઇ, કરમકા લેખ મિટે ના રે ભાઇ</u>

કોઇ લાખ કરે ચતુરાઇ, કરમકા લેખ મિટે ના રે ભાઇ
જરા સમજો ઇસકી સચ્ચાઇ રે,
કરમકા લેખ મિટે ના રે ભાઇ.
ઇસ દુનિયામેં ભાગ્યસે આગે, ચલે ન કિસીકા ઉપાય.
કાગજ હો તો સબ કોઇ બાંચે, કરમ ન બાંચા જાય,
એક દિન કિસ્મતકે કારણ બનમેં ચલે રઘુરાઇ.
કરમકા લેખ મિટે ના રે ભાઇ... કોઇ...
હરિશ્ચંદ્રને સતકે કારણ, રાજ કો ઠોકર લગાઇ,
કરમકા લેખ મિટે ના રે ભાઇ... કોઇ...
કાહે તૂ મનવા ધીરજ ખોતા, કાહે તૂ નાહક રોય,
અપના સોચા કભી નહીં હોતા, ભાગ્ય કરે સો હોય.
ચાહે હો રાજા, ચાહે ભિખારી,
ઠોકર સભીને યહાં ખાઇ... કોઇ...
જરા સમજો ઇસકી સચ્ચાઇ રે,
કરમકા લેખ મિટે ના રે ભાઇ.
કોઇ લાખ કરે ચતુરાઇ, કરમકા લેખ મિટે ના રે ભાઇ.

<u>“પ્રદીપજી”</u>



# ખુશી દેજે જમાનાને, મને હરદમ રુદન દેજે

ખુશી દેજે જમાનાને, મને હરદમ રુદન દેજે
અવરને આપજે ગુલશન, મને વેરાન વન દેજે.
જમાનાના બધા પુણ્યો જમાનાને મુબારક હો,
હું પરખું પાપને કાયમ, મને એવા નયન દેજે.
સ્વમાની છું, કદી વિણ આવકારે ત્યાં નહીં આવું,
અગર તું દઈ શકે મુજને તો ધરતી પર ગગન દેજે.
ખુદા આ આટલી તુજને
વિનતી છે આ ‘નાઝિર’ની,
રહે જેનાથી અણનમ શીશ, મને એવા નમન દેજે.
“નાઝિર દેખૈયા”

## ગુજારે જે શિરે તારે

ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સ્હેજે
ગણ્યું જે પ્યારું પ્યારાએ અતિ પ્યારું ગણી લેજે.
દુનિયાની જૂઠી વાણી વિશે જો દુઃખ વાસે છે,
જરાયે અંતરે આનંદ ના ઓછો થવા દેજે.
કચેરી માંહી કાજીનો નથી હિસાબ કોડીનો,
જગતકાજી બનીને તું વહોરી ના પીડા લેજે.
જગતના કાચના યંત્રે ખરી વસ્તુ નહિ ભાસે,
ન સારા કે નઠારાની જરાયે સંગતે રહેજે.
રહેજે શાંતિ-સંતોષે સદાયે નિર્મળ ચિત્તે.
દિલે જે દુઃખ કે આનંદ કોઈને નહિ કહેજે.
વસે છે ક્રોધ વૈરી ચિત્તમાં તેને તજી દેજે,
ઘડી જાયે ભલાઈની મહાલક્ષ્મી ગણી લેજે.
રહે ઉન્મત્તે સ્વાનંદે ખરું એ સુખ માની લેજે,
પીએ તો શ્રી પ્રભુના પ્રેમનો પ્યાલો ભરી પીજે.
કટુ વાણી સુણે જો કોઈની વાણી મીઠી કહેજે.
પરાઈ મૂર્ખતા કાજે મુખે ના ઝેર તું લેજે.
અરે પ્રારબ્ધતો ઘેલું! રહે છે દૂર માગે તો,
ન માગ્યે દોડતું આવે, ન વિશ્વાસે કદી રહેજે.
પ્રભુના નામનાં પુષ્પો પરોવી કાવ્યમાળા તું,
પ્રભુની પ્યારી ગ્રીવામાં પહેરાવી પ્રીતે દેજે.
કવિરાજ થયો, શી છે પછી પડી તને કાંઈ,
નિજાનંદે હંમેશા 'બાલ' મસ્તીમાં મજા લેજે.



## ગુરુજીના નામની માળા

ગુરુજીના નામની હો... માળા છે ડોકમાં
નારાયણ નામની હો... માળા છે ડોકમાં

જુઠ્ઠ બોલાય નહીં, ખોટુ લેવાય નહીં
અવળુ ચલાય નહીં હો... માળા છે ડોકમાં

ક્રોધ કદી થાય નહીં, પરને નિંદાય નહીં
કોઇને દુભવાય નહીં હો... માળા છે ડોકમાં

પરને પીડાય નહીં, હું પદ ધરાય નહીં
પાપને પોષાય નહીં હો... માળા છે ડોકમાં

ધન સંઘરાય નહીં, એકલા ખવાય નહીં
ભેદ રખાય નહીં હો... માળા છે ડોકમાં

હરિહરાનંદ કહે સત્ય ચૂકાય નહીં
હે નારાયણ ભૂલાય નહીં હો.. માળા છે ડોકમાં

"હરિહરાનંદ"



## <u>घुंघटका पट खोल</u>

घुंघटका पट खोल रे
तोको पिव मिलेंगे
घट घटमें वो सांई रमता
खटुक वचन मत बोल रे
तोको पिव मिलेंगे

धन जोबनको गरव न किजे
जुठा पचरंग जोल
तोको पिव मिलेंगे

सुन्न महेलमें दिया न बारी रे
आसनसो मत डोल रे
तोको पिव मिलेंगे

जाग जुगुतसो रंग महेलमें
पिय पायो अनमोल रे
तोको पिव मिलेंगे

कहे कबीर आनंद भयो है
बाजत अनहद ढोल रे
तोको पिव मिलेंगे

<u>"कबीर साहेब"</u>



## ચપટી ભરી ચોખા ને...

ચપટી ભરી ચોખા ને ઘીનો છે દીવડો
શ્રી ફળની જોડ લઈએ રે....
હાલો હાલો પાવાગઢ જઈએ રે... (2)
સામેની પોળથી માળીડો આવે,
માળીડો આવે, માના ગજરા લઈ આવે,
ગજરાની જોડ અમે લઈએ રે.... હાલો....
સામેની પોળથી સોનીડો આવે,
સોનીડો આવે માના ઝૂમણાં લઈ આવે,
ઝૂમણાંની જોડ અમે લઈએ રે... હાલો....
સામેની પોળથી વાણીડો આવે,
વાણીડો આવે માની ચૂંદડી લઈ આવે,
ચૂંદડીની જોડ અમે લઈએ રે..... હાલો...
સામેની પોળથી સુથારી આવે,
સુથારી આવે માનો બાજોઠ લઈ આવે,
બાજોઠની જોડ અમે લઈએ રે... હાલો....
સામેની પોળથી ઘાંચીડો આવે,
ઘાંચીડો આવે માના દીવડાં લઈ આવે,
દીવડાની જોડ અમે લઈએ રે.... હાલો....

# ચદરીયાં ઝીની રે બીની

ચદરીયાં ઝીની રે બીની,
રામ નામ રંગ ભીનીઃ

અષ્ટકમલકા ચરખા બનાયા,
પાંચ તત્ત્વકી પૂની
નવ દશ માસ બૂલનકો લાગે,
મૂરખ મૈલી કીની... ચદરીયાં

જબ મોરી ચાદર બન ઘર આઈ,
રંગરેજ કો દીની
ઐસા રંગ રંગા રંગરેજને,
લાલો લાલ કરી દીની.... ચદરીયાં

ધ્રુવ પ્રહલાદ સુદામાને ઓઢી,
શુકદેવને નિર્મલ કીની
દાસ કબીરને ઐસી ઓઢી,
જ્યું કી ત્યું ધર દીની.. ... ચદરીયાં

“કબીર”

## ચાર દિવસના ચાંદરણા પર, જૂઠી મમતા શા માટે?

ચાર દિવસના ચાંદરણા પર,
જૂઠી મમતા શા માટે?

જે ના આવે સંગાથે, એની માયા શા માટે?
આ વૈભવ સાથે ના આવે, પ્યારા સ્નેહી પણ ના આવે,
અહીંનું છે અહીંયા રહેવાનું,
એની દોસ્તી શા માટે? જે..ના..

મેં બાંધેલી મહેલાતો ને, દોલતનું કાલે શું થાશે?
જાવું પડશે જો અણધાર્યું, પરિવારનુ ત્યારે શું થાશે?
સૌનું ભૈવ સૌની સાથે,
એની ચિંતા શા માટે? જે..ના..

સુંવાળી દોરીના બંધન, આજે સૌ પ્રમ થકી બાંધે,
પણ તૂટે તંતુ આયુષ્યનો, ત્યારે કોઈ એને ના સાંધે,
ભીડ પડે ત્યાં તડતડ તૂટે,
એવા બંધન શા માટે? જે..ના..



## <u>જમુના ને કાંઠે કા’નો વાંસળી વગાડતો</u>

જમુના ને કાંઠે કા’નો વાંસળી વગાડતો
સૂર એના એવા રેલાઇ રે...
વાંસળીના સૂર સૂની, ગોપીઓ ભાન ભૂલી
સૂર એના એવા રેલાઇ રે...

ઝરમર ઝરમર મેહુલિયો વરસે
રાધા સંગ કાનો ભીંજાઇ રે
કાળી કાળી વાદળીમાં વીજળી ઝબૂકી
બારે મેઘ આજે મંડાઇ રે

મનમાં મારા ઉમંગ એવો જાગ્યો
મીરા થઇ તુજમાં સમાઇ જાઉં
વિરહની વેદના હવે સહાય ના
ઓ શ્યામ મુજને સમાવી લે

<u>“રિષભ”</u>



# જ્યાં જ્યાં નજર મારી ઠરે

જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની
આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની!
માશુકોના ગાલની લાલી મહીં લાલીં અને
જ્યાં જ્યાં ચમન જ્યાં જ્યાં ગુલો ત્યાં ત્યાં નિશાની આપની!
જોઉં અહીં ત્યાં આવતી દરીયાની મીઠી લહર
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની !
તારા ઉપર તારા તણા ઝુમી રહ્યાં છે ઝુમખાં
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની !
આ ખુનને ચરખે અને રાતે હમારી ગોદમાં
આ દમ-બ-દમ બોલી રહી ઝીણી સીતારી આપની !
આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા
યાદી બનીને ઢાલ ખેંચાઇ રહી છે આપની !
દેખી બુરાઈ ના ડરુ હું શી ફીકર છે પાપ ની ?
ધોવા બધે બુરાઇને ગંગા વહે છે આપની.

"કલાપી"

## જેનાં મન નવ ડગે

મેરુ તો ડગે પણ જેનાં મન નવ ડગે,
ભલે ભાંગી પડે ભરમાંડ રે,
વિપત પડે પણ વણસે નહીં
સોહી હરિજનનાં પરમાણ રે,.. મેરુ તો ડગે
ચિત્તની વૃત્તિ સદા નિર્મળ રાખે ને,
કરે નહીં કોઇની આશ રે
દાન દેવે પણ રહેવે અજાચી ને
રાખે વચનમાં વિશ્વાસ રે,.. મેરુ તો ડગે
હરખ ને શોકની જેને ન આવે હેડકી ને
આઠે પહોર રહેવે આનંદ જી
નિત્ય રહે સતસંગમાં ને
તોડી દીધા માયા કેરા ફંદ રે,.. મેરુ તો ડગે
સંગત કરો તો તમે એવાની કરજો ને
ભજનમાં રહેજો ભરપૂર રે
ગંગા સતી એમ બોલિયાં રે,
જેના નયણોમાં વરસે સાચાં નૂર રે,.. મેરુ તો ડગે

"ગંગા સતી"



## જે ગમે જગતગુરુ દેવ જગદીશને

જે ગમે જગતગુરુ દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો;
આપણો ચિંતવ્યો અર્થ કાંઈ નવ સરે, ઉગરે એક ઉદ્વેગ ધરવો..જે

હું કરુ હું કરુ, એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિમંડાણ છે સર્વ એણી પેરે, જોગી જોગેશ્વર કોઈક જાણે..જે

નીપજે નરથી તો કોઈ ન રહે દુઃખી, શત્રુતા મારીને સૌ મિત્ર રાખે;
રાય ને રંક કોઈ દ્રષ્ટે આવે નહિ, ભવન પર ભવન છત્ર દાખે...જે

ઋતુ લતા, પત્ર, ફળ,ફૂલ આપે યથા, માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું, તેહને તે સમે તે જ પહોંચે..જે

ગ્રંથ ગરબડ કરી વાત ન કરી ખરી, જેહને જે ગમે તેને પૂજે,
મન-કર્મ-વચન આપ માની લહે, સત્ય છે એ જ મન એમ સૂઝે..જે

સુખ સંસારી મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું;
જુગલ કર જોડી કરી નરસૈંયો એક કહે, જન્મ પ્રતિજન્મ હરિને જ
જાચું..જે ગમે જગતગુરુ દેવ જગદીશને.........



## જીવન અંજલી થાજો

જીવન અંજલી થાજો !
મારું જીવન અંજલિ થાજો !
ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાંનું જળ થાજો;
દીન દુ:ખિયાંનાં આંસુ લો'તાં અંતર કદી ન ધરાજો !
મારું જીવન અંજલિ થાજો !
સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો,
ઝેર જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો !
મારું જીવન અંજલિ થાજો !
વણથાક્યા ચરણો મારા નિત તારી સમીપે ધાજો;
હૈયાના પ્રત્યેક સ્પન્દને તારું નામ રટાજો !
મારું જીવન અંજલિ થાજો !
વમળોની વચ્ચે નૈયા મુજ હાલકડોલક થાજો;
શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો !
મારું જીવન અંજલિ થાજો !
"કરસનદાસ માણેક"



# જુનું તો થયું રે દેવળ

જુનું તો થયું રે દેવળ, જુનું તો થયું,
મારો હંસલો નાનો ને દેવળ જુનું તો થયું

આરે કાયા રે હંસા, ડોલવાને લાગી
પડી ગયા દાંત માયલી રેખુ તો રહી
મારો હંસલો નાનો ને દેવળ જુનું તો થયું

તારે ને મારે હંસા પ્રિત્યુ રે બંધાણી
ઉડી ગયો હંસ પિંજર પડી તો રહ્યું
મારો હંસલો નાનો ને દેવળ જુનું તો થયું

બાઇ 'મીરાં' કહે પ્રભુ ગિરીધરના ગુણ
પ્રેમ નો પ્યાલો તમને પાવું ને પિવું
મારો હંસલો નાનો ને દેવળ જુનું તો થયું

"મીરાંબાઈ"

## ઝેર તો પીધાં જાણી જાણી

નથી રે પીધાં અણજાણી રે, મેવાડા રાજા
ઝેર તો પીધાં જાણી જાણી

કોયલ ને કાગ રાણા એક જ વરણા રે,
કડવી લાગે છે કાગવાણી, મેવાડા રાજા... ઝેર તો

ઝેર નાં કટોરા જ્યારે રાણાજી મોકલે,
તેનાં બનાવ્યા દૂધ-પાણી, મેવાડા રાજા... ઝેર તો

રીસ કરીને રાણો ખડગ ઉપાડે રે,
ક્રોધ રૂપે દરસાણી, મેવાડા રાજા... ઝેર તો

સાધુ નો સંગ મીરાં છોડી દિયો રે,
તો તુને કરુ પટરાણી, મેવાડા રાજા... ઝેર તો

બાઇ મીરાં કહે પ્રભુ ગીરીધરનાગર,
મન રે મળ્યાં કાનુદાણી, મેવાડા રાજા... ઝેર તો
નથી રે પીધાં અણજાણી રે, મેવાડા રાજા
ઝેર તો પીધાં જાણી જાણી

"મીરાંબાઇ"

## તમે રે તિલક રાજા રામના

તમે રે તિલક રાજા રામના
અમે વગડાનાં ચંદન કાષ્ઠ રે;
તમારી મશે ના અમે સોહિયાં-
કેવાં કેવાં દખ સાજણ તમે રે સહ્યાં?
કહો ને સાજણ દખ કેવાં સહ્યાં!
તમે રે ઊંચેરા ઘરના ટોડલા!
અમે લજવાતી પાછલી રવેશ રે;
તમારી મશે ના અમે સોહિયાં-
કેવાં કેવાં દખ સાજણ તમે રે સહ્યાં?
કહો ને સાજણ દખ કેવાં સહ્યાં?
તમે રે અખશર થઈને ઊકલ્યા!
અમે પડતલ મૂંઝારા ઝીણી છીપના;
તમારી મશે ના અમે સોહિયાં-
કહો ને કહો ને દખ કેવાં પડ્યાં?
"રાવજી પટેલ"

# તમે તો અમારા ને અમે તો તમારા

તમે તો અમારા ને અમે તો તમારા
સબંધો છે આપણાં પુરાણાં પુરાણાં.... તમે તો અમારા

એક યુગમાં આપણે સાથે હતા રે
દિવસો મિલનના કેવા રે જતા રે
સમયના સંગાથે ભૂલાણાં ભૂલાણાં..... તમે તો અમારા

તોડયા તમે ભવોભવ કેરા ચકકર
મારા નસીબે આ સંસાર નકકર
મોહ માયામાં અમે ફસાણાં ફસાણાં .......તમે તો અમારા

અરિહંત પદને પામ્યા તમે તો
સંસાર માયામાં રહી ગ્યા અમે તો
અમે લોભ ક્રોધમાં મરાણાં મરાણાં.... તમે તો અમારા

તમારા મિલનન અરમાને ઘૂમું
કયારે આવીને તમારા ચરણોને ચૂમું
‘રાહી’ વિરહ અશ્રુ વેરાણા વેરાણાં... તમે તો અમારા



# તારા વિના શ્યામ મને એકલડું લાગે

શ્યામ..... શ્યામ.... શ્યામ.... શ્યામ...

તારા વિના શ્યામ મને એકલડું લાગે,

રાસ રમવાને વહેલો આવજે (2)

શરદપૂનમની રાતડી,

ચાંદની ખીલી છે ભલીભાતની (2)

તું ન આવે તો શ્યામ, રાસ જામે ન શ્યામ,

રાસ રમવાને વહેલો આવ...આવ...આવ... તારા વિના

શ્યામ.... (2)

ગરબે ધુમતી ગોપીઓ, સુની છે ગોકુળની શેરીઓ (2)

સુની સુની શેરીઓમાં, ગોકુળની ગલીઓમાં,

રાસ રમવાને વહેલો આવ... આવ... આવ... શ્યામ.

તારા વિના શ્યામ.... (2)

અંગ અંગ રંગ છે અનંગનો, રંગ કેમ જાય તારા સંગનો

તું ન આવે તો શ્યામ, રાસ જામે ન શ્યામ,

રાસ રમવાને વહેલો આવ... આવ... આવ... શ્યામ.

તારા વિના શ્યામ.... (2) શ્યામ..... શ્યામ.... શ્યામ....

"રિષભ"

## તાલીઓના તાલે ગોરી ગરબે ઘૂમી ગાય રે,

તાલીઓના તાલે ગોરી ગરબે ઘૂમી ગાય રે,
પૂનમની રાત... ઊગી પૂનમની રાત...
આસમાની ચૂંદડીમાં, લહેરણિયાં લ્હેરાય રે,
પૂનમની રાત... ઊગી પૂનમની રાત...
ગોરો ગોરો ચાંદલિયો ને દિલ ડોલાવે નાવલિયો,
કહેતી મનની વાત રે ...
પૂનમની રાત... ઊગી પૂનમની રાત...
ઓરી ઓરી આવ ગોરી, ઓરી ઓરી,
ચાંદલિયો હિંચોળે તારા હૈયા કેરી દોરી,
રાતલડી રળિયાત રે...
પૂનમની રાત... ઊગી પૂનમની રાત...
તાલીઓના તાલે ગોરી ગરબે ઘૂમી ગાય રે,
પૂનમની રાત... ઊગી પૂનમની રાત...
ગરબે ઘૂમો, ગોરી ગરબે ઘૂમો,
રૂમો ઝૂમો, ગોરી રૂમો ઝૂમો,
રસ રમે જાણે શામળિયો ,
જમુનાજીને ઘાટ રે...
પૂનમની રાત... ઊગી પૂનમની રાત...
“અવિનાશ વ્યાસ”



## તેં તો રાત આખી વાંસળી વગાડ્યા કરી....

તેં તો રાત આખી વાંસળી વગાડ્યા કરી
મને સૂતીને સપને જગાડ્યા કરી
બાંવરી આ આંખ મારી આમ તેમ ઘુમે
ઝાંઝરથી લજ્જા વેરાય
એકલી ના મહેલમાં ઓશિકે —-
મધુવનમાં વાયુ લહેરાય
હું તો બાહુના બંધમાં બંધાયા કરી
તેં તો રાત આખી વાંસળી વગાડ્યા કરી
નીલ રંગી છાંય થઇ તારો આ સુર મારી
યમુનાના જળમાંહી દોડે
જાગી ને જોઉં તો જાણું નહીં કે કેમ
કેમ મોરપિંછ મ્હેકે અંબોડે
મને અનહદના રંગમાં ડુબાડ્યા કરી
તેં તો રાત આખી વાંસળી વગાડ્યા કરી

“સુરેશ દલાલ”

## દર્શન દયો ઘનશ્યામ નાથ,

દર્શન દયો ઘનશ્યામ નાથ,
મોરી અખિયાં પ્યાસી રે...(૨)
મન મંદિરકી જયોતિ જગા દો,
ઘટ ઘટ વાસી રે...દર્શન....

મંદિર મંદિર મૂરત તેરી,
ફિરભી ન દેખી સૂરત તેરી
યુગ બીતે ના આયી મિલન કી,
પૂરન માસી રે....દર્શન...

દ્વાર દયાકા  જબ તૂ ખોલે,
પંચમ સૂરમેં ગૂંગા બોલે;
અંધા દેખે, લંગડા ચલકર,
પહુંચે કાશી રે...દર્શન...

પાની પીકર પ્યાસ બુઝાઉં,
નૈનન કો કૈસે સમજાઉં?
આંખ મિચોલી છોડો અબ તો,
મન કે બાસી રે...દર્શન.

## ધૂણી રે ધખાવી બેલી અમે તારા નામની

ધૂણી રે ધખાવી બેલી અમે તારા નામની
ધૂણી રે ધખાવી બેલી અમે તારા નામની

ભૂલો રે પડ્યો રે હંસો આંગણે ઊડીને આવ્યો
તન-મનથી તરછોડાયો, મારગ મારગ અથડાયો
હે ગમ ના પડે રે એને ઠાકુર તારા નામની
ધૂણી રે ધખાવી બેલી...

કોને રે કાજે રે જીવડા ઝંખના તને રે લાગી
કોની રે વાટ્યું જોતા ભવની આ ભાવટ ભાગી
હે તરસ્યું રે જાગી જીવને ભક્તિ કેરા જામની
ધૂણી રે ધખાવી બેલી...

"અવિનાશ વ્યાસ"



## નાગર નંદજીના લાલ !

નાગર નંદજીના લાલ !
રાસ રમંતાં મારી નથડી ખોવાણી.
કાના ! જડી હોય તો આલ
રાસ રમંતાં મારી નથડી ખોવાણી.
.. નાગર નંદજીના લાલ !
નાની નાની નથણી ને માંહી જડેલા હીરા,
નથણી આપો ને મારા સુભદ્રાના વીરા.
.. નાગર નંદજીના લાલ !
નાનેરી પહેરું તો મારે નાકે ના સોહાય,
મોટેરી પહેરું તો મારા મુખપર ઝોલાં ખાય
.. નાગર નંદજીના લાલ !
વૃંદાવનની કુંજગલીમાં બોલે ઝીણા મોર
રાધાજીની નથડીનો શામળિયો છે ચોર
.. નાગર નંદજીના લાલ !
નથણી આપોને પ્રભુ નંદના કુમાર,
નરસૈંયાના સ્વામી ઉપર જાઉં બલિહાર.
.. નાગર નંદજીના લાલ !

“નરસિંહ મહેતા”



# પગ ઘુંઘરું બાંધી નાચી રે

પગે ઘુંઘરું બાંધી નાચી રે ... ટેક

મૈં તો મેરે નારાયણ કી,
આપ હી હો ગઇ દાસી રે ... પગ

લોગ કહે મીરાં ભયી બાંવરી,
ન્યાત કહે કુલ નાસી રે ... પગ

વિષ કા પ્યાલા રાણાજીને ભેજ્યા,
પીવત મીરાં હાંસી રે ... પગ

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
સહજ મિલે અવિનાશી રે ... પગ

"મીરાંબાઇ"

# પગ મને ધોવા દ્યો

ધોવા દ્યો રઘુરાય,પ્રભુ મને શક પડ્યો મનમાંય,
તમારા પગ ધોવા દ્યો રઘુરાય જી.
રામ લક્ષ્મણ જાનકીજી, તીર ગંગાને જાયજી
નાવ માંગી નીર તરવા, ગુહ બોલ્યો ગમ ખાઈ.. પગ મને..
રજ તમારી કામણગારી, નાવ નારી થઈ જાયજી
તો તો અમારા રંક જનની, આજીવીકા ટળી જાય.. પગ મને..
જોઈ ચતુરાઈ ભીલ જનની, જાનકી મુસ્કાયજી
અભણ કેવું યાદ રાખે, ભણેલા ભૂલી જાય.. પગ મને..
દિન દયાળુ આ જગતમાં ગરજ કેવી ગણાયજી,
આપ જેવાને ઉભા રાખી પગ પખાળી જાયજી .. પગ મને..
નાવડીમાં બાવડી ઝાલી રામની ભીલરાયજી
પાર ઉતરી પૂછીયું શી લેશો તમે ઉતરાઈ.. પગ મને..
નાવની ઉતરાઈ ના લઈએ આપણે ધંધાભાઈજી
'કાગ' કહે કદી ખારવો ના લીયે ખારવાની ઉતરાઈ..
પગ મને..
"દુલા ભાયા કાગ"

# <u>પ્રભુજી ને પડદામાં રાખમાં</u>

પ્રભુજી ને પડદામાં રાખમાં પૂજારી તારા
આતમને ઓઝલમાં રાખમાં (૨)

વાયુ વિંઝાસે ને દીવડા ઓલાશે એવી
ભીતી વંટોળીયાની ભાળમાં..(૨)
આડો ઊભો તારો ..(૨) દેહ અડીખમ
બળી જાશે એતો રાખમાં.. પૂજારી તારા.....

ઊડી ઊડી આવ્યા પંખી સીમાડેથી
થાક ભરેલો એની પાંખમાં..(૨)
સાતે સમંદર ..(૨) પાર કર્યા તોયે
નથી રે ગુમાન એની આંખમાં. .....પૂજારી તારા...

હાથના રતન તારા, છોને ખોવાય ભાઈ
હીરા લૂંટાય તારા લાખના..(૨)
હૈયાનો હીરો તારો ..(૨) નહી રે લૂંટાય કોઈ દિ
ખોટા હીરાને ખેંચી રાખમાં
પૂજારી તારા આતમને ઓઝલમાં રાખમાં



# પાની મેં મીન પિયાસી!

પાની મેં મીન પિયાસી! મોહે દેખત આવે હાંસી રે (ટેક)

આત્મા ચિન્હા વિના આત્માઈ,

તો ભટકે મથુરાં-કાશી;

જોગી હો કે જટા બઢાવે,

બન બન ફિરે ઉદાસી રે..પાની મેં.

પંડિત હો કે પુસ્તક બાંચે,

તોય ન મિલે અવિનાશી;

મસીદ ચ્હડકે મુલ્લાં પુકારે,

તોય ન મીટે જમ-ફાંસી રે....

કહત કબીરા સુનો ભાઈ સાધો,

ગુરૂ બિન મીટે ન ચોરાશી...

"કબીર"

## પાયો જી મૈંને રામ રતન ધન પાયો

પાયો જી મૈંને રામ રતન ધન પાયો
વસ્તુ અમુલખ દી મેર સદગુરૂ;
કિરપા કર અપનાયો,
પાયોજી મૈંને રામ રતન ધન પાયો...

જનમ જનમ કી પૂંજી પાઈ;
જગમેં સભી ખોવાયો.
પાયોજી મૈંને રામ રતન ધન પાયો...

ખરચૈં ન ખૂટે  વાકો ચોર ન લૂંટે
દિન દિન બઢત સવાયો.
પાયોજી મૈંને રામ રતન ધન પાયો...

સતકી નાવ, ખેવટિયા સદગુરૂ
ભવસાગર તર આયો
પાયોજી મૈંને રામ રતન ધન પાયો...

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર!
હરખ હરખ જશ ગાયો
પાયોજી મૈંને રામ રતન ધન પાયો...

“મીરાંબાઈ”

# <u>પ્રભુ ! મોરે અવગુણ ચિત્ત ન ધરો.</u>

પ્રભુ ! મોરે અવગુણ ચિત્ત ન ધરો.
સમદરશી હી નામ તિહારો, ચાહે તો પાર કરો. ..પ્રભુ..
ઈક નદિયા ઈક નાલ ક હાવત, મૈલો હિ નીર ભરો;
જબ મીલ કરકે એક બરન ભયે, સુરસરિ નામ પર્યો. ..પ્રભુ..

ઈક લોહા પૂજામેં રાખત, ઈક ઘર બધિક પર્યો;
પારસ ગુણ અવગુણ નનહીં ચિતવત, કંચન કરત ખરો. ..પ્રભુ..

યહ માયા ભ્રમજાલ કહાવત, સૂરદાસ સગરો;
અબકી બેર મોહીં  પાર ઉતારો, પ્રન તન જાત મેરો ટરો.
પ્રભુ ! મોરે અવગુણ ચિત્ત ન ધરો.

“સૂરદાસ”

# પ્રેમળ જ્યોતિ તારો દાખવી

પ્રેમળ જ્યોતિ તારો દાખવી,
મુજ જીવનપંથ ઉજાળ ... પ્રેમળ જ્યોતિ
દૂર પડ્યો નિજ ધામથી હું,
ને ઘેરે ઘન અંધાર,
માર્ગ સૂઝે નવ ઘોર રજનિમાં,
નિજ શિશુને સંભાળ,
મારો જીવનપંથ ઉજાળ ... પ્રેમળ જ્યોતિ
ડગમગતો પગ રાખ સ્થિર મુજ,
દૂર નજર છો ન જાય;
દૂર માર્ગ જોવા લોભ લગીર ન,
એક ડગલું બસ થાય,
મારે એક ડગલું બસ થાય. પ્રેમળ જ્યોતિ
આજ લગી રહ્યો ગર્વમાં હું,
ને માગી મદદ ના લગાર;
આપબળે માર્ગ જોઇને ચાલવા,
હામ ધરી મૂઢ બાળ;
હવે માગું તુજ આધાર ... પ્રેમળ જ્યોતિ
ભભકભર્યા તેજથી હું લોભાયો,
ને ભય છતાં ધર્યો ગર્વ,
વીત્યાં વર્ષો ને લોપ સ્મરણશ્રી,

સ્ખલન થયાં જે સર્વ,
મારે આજ થકી નવું પર્વ ...પ્રેમળ જ્યોતિ
તારા પ્રભાવે નિભાવ્યો મને પ્રભુ !
આજ લગી પ્રેમભેર,
નિશ્ચે મને તે સ્થિર પગલેથી
ચલવી પહોંચાડશે ઘેર,
દાખવી પ્રેમલ જ્યોતિની સેર...પ્રેમળ જ્યોતિ
કર્દમભૂમિ કળણ ભરેલી,
ને ગિરિવર કેરી કરાડ,
ધસમસતા જળકેરા પ્રવાહો,
સર્વ વટાવી કૃપાળ,
મને પહોંચાડશે નિજ દ્વાર ...પ્રેમળ જ્યોતિ
રજનિ જશે, ને પ્રભાત ઊજળશે,
ને સ્મિત કરશે પ્રેમાળ,
દિવ્ય ગણોનાં વદન મનોહર
મારે હૃદય વસ્યાં ચિરકાળ,
જે મેં ખોયા હતાં ક્ષણવાર...પ્રેમળ જ્યોત

<u>“નરસિંહરાવ દિવેટિયા”</u>



## પાયો જી મૈને રામ રતન ધન પાયો

પાયો જી મૈને રામ રતન ધન પાયો

વસ્તુ અમુલખ દી મેરે સદગુરૂ;

કિરપા કર અપનાયો....પાયો જી....

જનમ જનમ કી પૂંજી પાઈ;

જગમેં સભી ખોવાયો. ....પાયો જી....

ખરચૈં ન ખૂટે, વાકો ચોર ન લૂંટે

દિન દિન બઢત સવાયો. ....પાયો જી....

સતકી નાવ, ખેવટિયા સદગુરૂ;

ભવસાગર તર આયો. ....પાયો જી....

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર !

હરખ હરખ જશ ગાયો. ....પાયો જી....



## પંખીડા રે ઉડી જાજો..

પંખીડા રે ઉડી જાજો પાવાગઢ રે
મહાકાળીને જઇને કહેજો ગરબે રમે રે
પંખીડા.. ઓ પંખીડા..

ઓલ્યા ગામના સુથારી વીરા વ્હેલા આવો રે
મારી મહાકાળીને કાજે રૂડા બાજઠ લાવો રે
સારા લાવો, સુંદર લાવો, વ્હેલા આવો રે
મારી મહાકાળીને જઈને કહેજો ગરબે ઘૂમે રે
પંખીડા રે ઉડી જાજો.. પંખીડા.. ઓ પંખીડા..

ઓલ્યા ગામનાં દોશીડા વીરા વ્હેલા આવો રે
મારી મહાકાળીને કાજે રૂડી ચૂંદડી લાવો રે
સારી લાવો, સુંદર લાવો, વ્હેલા આવો રે
મારી મહાકાળીને જઈને કહેજો ગરબે ઘૂમે રે
પંખીડા રે ઉડી જાજો.. પંખીડા.. ઓ પંખીડા..

ઓલ્યા ગામનાં મણીયારા વીરા વ્હેલા આવો રે
મારી મહાકાળીને કાજે રૂડો ચૂડલો લાવો રે
સારો લાવો, સુંદર લાવો, વ્હેલા આવો રે

મારી મહાકાળીને જઈને કહેજો ગરબે ઘૂમે રે
પંખીડા રે ઉડી જાજો.. પંખીડા.. ઓ પંખીડા..

ઓલ્યા ગામના સોનીડા વીરા વ્હેલા આવો રે
મારી મહાકાળીને કાજે રૂડા ઝાંઝર લાવો રે
સારા લાવો, સુંદર લાવો, વ્હેલા આવો રે
મારી મહાકાળીને જઈને કહેજો ગરબે ઘૂમે રે
પંખીડા રે ઉડી જાજો.. પંખીડા.. ઓ પંખીડા..

ઓલ્યા ગામના કુંભારી વીરા વ્હેલા આવો રે
મારી મહાકાળીને કાજે રૂડો ગરબા લાવો રે
સારો લાવો, સુંદર લાવો, વ્હેલા આવો રે
મારી મહાકાળીને જઈને કહેજો ગરબે ઘૂમે રે
પંખીડા રે ઉડી જાજો.. પંખીડા.. ઓ પંખીડા..



## પંખીડાને આ પીંજરુ જૂનું જૂનું લાગે

પંખીડાને આ પીંજરુ જૂનું જૂનું લાગે
બહુ એ સમજાવ્યું તો યે પંખી નવું પીંજરુ માંગે

ઉમટ્યો અજંપો એને, પંડના રે પ્રાણનો
અણધાર્યો કર્યો મનોરથ દૂરના પ્રયાણનો
અણદીઠેલ દેશ જાવા, લગન એને લાગે
બહુ એ સમજાવ્યું તો યે પંખી નવું પીંજરુ માંગે

સોને મઢેલ બાજઠિયોને, સોને મઢેલ ઝૂલો
હીરે જડેલ વિંઝણો મોતીનો મોંઘો અણમોલો
પાગલના થઇએ ભેરુ, કોઇના રંગ લાગે
બહુ એ સમજાવ્યું તો યે પંખી નવું પીંજરુ માંગે

“અવિનાશ વ્યાસ”



## બે ફૂલ ચઢાવે

બે ફૂલ ચઢાવે મૂર્તિ પર,
પ્રભુ નહીં મળે સસ્તામાં, ઈશ્વર પડ્યો નથી રસ્તામાં.
કૃષ્ણની પાસે જવું હોય તો,
બનવું પડે સુદામા, ઈશ્વર પડ્યો નથી રસ્તામાં.
સાચું છે એ સચરાચર છે,
સાચું છે એ અજરાઅમર છે,
સાચું છે એ પરમેશ્વર છે,
પણ ચોધારે વરસે મેહુલીયો તો,
મળે એક ટીપાંમાં, ઈશ્વર પડ્યો નથી રસ્તામાં.
રામનું સ્વાગત કરતાં ઋષિઓ, જાપ જપન્તા રહી ગયાં,
એઠાં બોરને અમૃત કરીને રામ શબરીનાં થઈ ગયાં,
નહીં મળે ચાંદી સોનાનાં અઢળક સિક્કામાં,
નહીં મળે કાશીમાં કે નહીં મળે મક્કામાં,
પણ નસીબ હોય તો મળી જાય એ તુલસીનાં પત્તામાં,
ઈશ્વર પડ્યો નથી રસ્તામાં.
બે ફૂલ ચઢાવે મૂર્તિ પર,
પ્રભુ નહીં મળે સસ્તામાં, ઈશ્વર પડ્યો નથી રસ્તામાં.

"અવિનાશ વ્યાસ"



<u>ભક્તિ કરતાં છૂટે મારાં પ્રાણ...</u>

ભક્તિ કરતાં છૂટે મારાં પ્રાણ પ્રભુ એવું માંગુ છું
રહે હૃદયકમળમાં તારું ધ્યાન પ્રભુ એવું માંગુ છું
તારું મુખડું પ્રભુજી હું જોયાં કરું,
રાત દિવસ ગુણો તારાં ગાયા કરું,
અંત સમયે રહે તારું ધ્યાન, પ્રભુ એવું માંગુ છું... ભક્તિ
મારી આશા નિરાશા કરશો નહી,
મારા અવગુણ હૈયે ધરશો નહી,
શ્વાસે શ્વાસે રહે તારું ધ્યાન, પ્રભુ એવું માંગુ છું... ભક્તિ
મારાં પાપ ને તાપ સમાવી દેજો,
આ સેવકને ચરણોમાં રાખી લેજો,
આવી દેજો દર્શન દાન, પ્રભુ એવું માંગુ છું... ભક્તિ
તારી આશાએ પ્રભુ હું તો જીવી રહ્યો,
તને મળવાને પ્રભુ હું તો તરસી રહ્યો,
મારી કોમળ કાયા ના કરમાય, પ્રભુ એવું માંગુ છું... ભક્તિ
મારાં ભવોભવનાં પાપો દૂર કરો,
મારી અરજી પ્રભુજી હૈયે ધરો,
મને રાખજે તારી પાસ, પ્રભુ એવું માંગુ છું
તું રહેજે ભવોભવ સાથ, પ્રભુ એવું માંગુ છું
ભક્તિ કરતાં...



## ભીતરનો ભેરૂ

ભીતરનો ભેરૂ મારો આતમો ખોવાયો રે,
મારગનો ચીંધનારો ભોમિયો ખોવાયો,
હે વાટે વિસામો લેતાં જોયો હોય તો કે'જો.

એનાં રે વિના મારી કાયા છે પાંગળી,
આવે આંખ છતાંયે મારી આંખ્યું છે આંધળી,
મારા રે સરવરીયાનો હસંલો રીસાયો રે.
હે સરવરમાં તરતો કોઈએ જોયો હોય તો કે'જો.

તનડું રૂઠાણું મારું મનડું રૂંધાણું,
તાર તૂટ્યો ને અધવચ ભજન નંદવાણું,
કપરી આંધીમાં મારો દીવડો ઝડપાયો રે.
હે આછો સળગતો કોઈએ જોયો હોય તો કે'જો.

"અવિનાશ વ્યાસ"



# મને એ જ સમજાતું નથી

મને એ જ સમજાતું નથી કે આવું શાને થાય છે
ફૂલડાં ડૂબી જતાં ને પથ્થરો તરી જાય છે !
ટળવળે તરસ્યાં, ત્યહાં જે વાદળી વેરણ બને,
તે જ રણમાં ધૂમ મુસળધાર વરસી જાય છે !
ઘરહીણાં ઘૂમે હજારો ઠોકરાતાં ઠેર ઠેર :
ને ગગનચુમ્બી મહાલો જનસૂનાં રહી જાય છે !
દેવડીએ દંડ પામે ચોર મૂઠી જારના :
ને લાખ ખાંડી લૂંટનારા મહેફીલે મંડાય છે !
કામધેનુને મળે ના એક સૂકું તણખલું,
ને લીલાંછમ ખેતરો સૌ આખલા ચરી જાય છે !
છે ગરીબોના કૂબામાં તેલનું ટીપુંય દોહ્યલું,
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે !
"કરસનદાસ માણેક"

# મનને સ્થિર કરી

મનને સ્થિર કરી આવો રે મેદાનમાં ને
મિટાવું સરવે કલેશ રે,
હરિનો દેશ તમને એવો દેખાડું ને
જ્યાં નહિ વર્ણ ને વેશ રે....મનને...

સૂક્ષ્મ સૂવું ને સૂક્ષ્મ ચાલવું ને
સૂક્ષ્મ કરવો વે'વાર રે.
શરીરની સ્થિરતામાં ચિત્ત જેનું કાયમને
વરતી ન ડોલે લગાર રે...મનને...

કુબુદ્ધિવાળાનો સંગ તજવોને,
રે'વું એકાંતે અસંગ રે,
કૂંચી બતાવું એનો અભિયાસ કરવો ને
ચડાવવો નિત્ય નવો રંગ રે....મનને....

ચિત્ત વિષયમાંથી ખેંચવુને
રે'વું સદાય ઈન્દ્રિયજીત રે,
ગંગાસતી એમ બોલિયાં જે
તેથી થાય નૈં વિપરીત ચિત્ત રે...મનને...

“ગંગાસતી”

## મા તારો ગરબો ઝાકમજોળ..

હે મા તારો ગરબો ઝાકમજોળ, ઘૂમે ગોળ ગોળ,
પાવાગઢની પોળમાં રે લોલ..
મા તારી ચૂંદડી રાતીચોળ, ઊડે રંગચોળ,
પાવાગઢની પોળમાં રે લોલ..

હે માડી ગરબે ઘૂમે, હે સજી સોળ શણગાર,
માડી તારા ચરણોમાં પાવન પગથાર.
મા તારે ગરબે ફૂલનો હિંડોળ, મોંઘો અણમોલ,
પાવાગઢની પોળમાં રે લોલ..

હે મા તારો ગરબો ઝાકમજોળ, ઘૂમે ગોળ ગોળ,
પાવાગઢની પોળમાં રે લોલ..
મા તારી ચૂંદડી રાતીચોળ, ઊડે રંગચોળ,
પાવાગઢની પોળમાં રે લોલ..



# મા નો ગરબો રે, રમે રાજ ને દરબાર

મા નો ગરબો રે , રમે રાજ ને દરબાર,
રમતો ભમતો રે આવ્યો કુંભારી ને દ્વાર.
એલી કુંભારી ની નાર તું તો સુતી હોય તો જાગ,
મા ને ગરબે રે રૂડા કોડિયાં મેલાવ.
મા નો ગરબો રે , રમે રાજ ને દરબાર,
રમતો ભમતો રે આવ્યો સોનીડા ને દ્વાર.
એલી સોનીડા ની નાર તું તો સુતી હોય તો જાગ,
મા ને ગરબે રે રૂડા જાળીયા મેલાવ.
મા નો ગરબો રે , રમે રાજ ને દરબાર,
રમતો ભમતો રે આવ્યો ઘાંચીડા ને દ્વાર.
એલી ઘાંચીડા ની નાર તું તો સુતી હોય તો જાગ,
મા ને ગરબે રે રૂડા દિવેલીયા પુરાવ.
મા નો ગરબો રે, રમે રાજ ને દરબાર.



## મા બાપને ભૂલશો નહિ

ભૂલો ભલે બીજું બધું, મા બાપને ભૂલશો નહિ
અગણિત છે ઉપકાર એના, એ કદી વિસરશો નહિ
પથ્થર પૂજ્યા પૃથ્વી તણા, ત્યારે દીઠું તમ મુખડું
એ પુનિત જનનાં કાળજાં, પથ્થર બની છુંદશો નહિ
કાઢી મુખેથી કોળીયા, મ્હોંમાં દઈ મોટા કર્યા
અમૃત તણાં દેનાર સામે, ઝેર ઉગળશો નહિ
લાખો લડાવ્યાં લાડ તમને, કોડ સૌ પુરા કર્યા
એ કોડના પુરનારના, કોડને ભૂલશો નહિ
લાખો કમાતા હો ભલે, મા બાપ જેથી ના ઠર્યા
એ લાખ નહિં પણ રાખ છે, એ માનવું ભૂલશો નહિ
સંતાનથી સેવા ચાહો, સંતાન છો સેવા કરો
જેવું કરો તેવું ભરો, એ ભાવના ભૂલશો નહિ
ભીને સૂઈ પોતે અને, સુકે સુવડાવ્યા આપને
એ અમીમય આંખને, ભૂલીને ભીંજવશો નહિ
પુષ્પો બિછાવ્યાં પ્રેમથી, જેણે તમારા રાહ પર
એ રાહબરના રાહ પર, કંટક કદી બનશો નહિ
ધન ખરચતાં મળશે બધું, માતા પિતા મળશે નહિ
પલ પલ પુનિત એ ચરણની, ચાહના ભૂલશો નહિ.

"સંત પુનિત"

## માટી કહે કુમ્હાર સે, તૂં જયોં રૌંદે મોય;

માટી કહે કુમ્હાર સે,

તૂં જયોં રૌંદે મોય;

એક દિન ઐસા હોયગા,

મૈં રૌંદૂંગા તોય.

આયે હૈ સો જાયેંગે,

રાજા રંક ફકીર;

એક સિંહાસ્ન ચઢ ચલે,

એક બંધે જંજીર.

કબીરા આપ ઠગાઇએ,

ઔર ન ઠગીયે કાય;

આપ ઠગે સુખ ઊપજે,

ઔર ઠગે દુઃખ હોય.

કબીર સાહેબ



<u>માડી તારુ કંકુ ખર્યું ને સુરજ ઊગ્યો</u>

ઓ માં... ઓ માં....
માડી તારુ કંકુ ખર્યું ને સુરજ ઊગ્યો
જગ માથે જાણે પ્રભુતાએ પગ મૂક્યો.
મંદિર સર્જાયુ ને ઘંટારવ ગાજ્યો
નભનો ચંદરવો મા એ આંખ્યુમાં આંજ્યો
દીવો થાવા મંદિરનો ચાંદો આવી પૂગ્યો
કંકુ ખર્યું ને સુરજ ઉગ્યો...
માડી તારુ કંકુ ખર્યું ને સુરજ ઊગ્યો.
માવડી ની કોટમા તારાના મોતી
જનની ની આંખ્યું માં પૂનમની જ્યોતિ
છડી રે પુકારી મા ની મોરલો ટ્હુક્યો
કંકુ ખર્યું ને સુરજ ઉગ્યો...
માડી તારુ કંકુ ખર્યું ને સુરજ ઊગ્યો.
નોરતાં ના રથનાં ઘૂઘરા રે બોલ્યા
અજવાળી રાતે મા એ અમરત ઢોળ્યાં
ગગન નો ગરબો મા ના ચરણોમાં ઝૂક્યો
કંકુ ખર્યું ને સુરજ ઉગ્યો...
માડી તારુ કંકુ ખર્યું ને સુરજ ઊગ્યો.

<u>"અવિનાશ વ્યાસ"</u>

## મા પાવા તે ગઢથી ઊતર્યા...

મા પાવા તે ગઢથી ઊતર્યા, મા કાળી રે,
માએ વસાવ્યું ચાંપાનેર, પાવાગઢવાળી રે.
મા ચાંપા તે નેરના ચાર ચૌટા મા કાળી રે,
સોનીએ માંડ્યાં હાટ, પાવાગઢવાળી રે...મા પાવા તે

મા સોનીડો લાવે રૂડાં ઝૂમણાં, મા કાળી રે,
મારી અંબા માને કાજ, પાવાગઢવાળી રે... મા પાવા તે

મા માળી તે આવે મલપતો, મા કાળી રે,
એ તો લાવે છે ગજરાની જોડ,પાવાગઢવાળી રે.. મા પાવા

મા કુંભારી આવે મલપતો, મા કાળી રે,
એ તો લાવે છે ગરબાની જોડ,પાવાગઢવાળી રે.. મા પાવા

મા સુથીરી આવે મલપતો, મા કાળી રે,
એ તો લાવે છે બાજઠની જોડ,પાવાગઢવાળી રે.. મા પાવા

મા ગાય શીખે ને સાંભળે, મા કાળી રે,
તેની અંબા મા પૂરજો આશ, પાવાગઢવાળી રે.
મા પાવા તે ગઢથી....



<u>કોઈ દી સાંભરે નૈ, મા મને કોઈ દી સાંભરે નૈ,</u>

કોઈ દી સાંભરે નૈ, મા મને કોઈ દી સાંભરે નૈ,
કેવી હશે ને કેવી નૈ, મા મને કોઈ દી સાંભરે નૈ.
કોક કોક વાર વળી રમ્મત વચાળે
મારા કાનમાં ગણગણ થાય,
હુ તુ તુ તુની હડિયાપાટીમાં માનો શબદ સંભળાય-
મા જાણે હિંચકોરતી વઈ ગઈ
હાલાંના સૂર થોડા વેરતી ગઈ....કોઈ દી સાંભરે નૈ
શ્રાવણની કોક કોક વે'લી સવારમાં સાંભરી આવે બા,
પારિજાતકની મીઠી સુગંધ લઈ વાડીએથી આવતો વા,
દેવને પૂજતી ફૂલ લૈ લૈ
મા એની મ્હેક મ્હેક મેલતી ગઈ....કોઈ દી સાંભરે નૈ
સૂવાનાં ખંડને ખૂણે બેસીને કદી આભમાં મીટ માંડું;
માની આંખો જ જાણે જોઈ રહી છે મને એમ મન થાય ગાંડું,
તગતગ તાકતી ખોળલે લૈ
ગગનમાં એ જ દ્દગ ચોડતી ગૈ....કોઈ દી સાંભરે નૈ
કોઈ દી સાંભરે નૈ, મા મને કોઈ દી સાંભરે નૈ
કેવી હશે ને કેવી નૈ, મા મને કોઈ દી સાંભરે નૈ
"ઝવેરચંદ મેઘાણી"

## માધવ ક્યાંય નથી મધુવનમાં !

માધવ ક્યાંય નથી મધુવનમાં !
ફૂલ કહે ભમરાને, ભમરો વાત વહે ગુંજનમાં.......
માધવ ક્યાંય નથી.
કાલિંદીના જળ પર ઝૂકી પૂછે કદંબ ડાળી,
"યાદ તને, બેસી અહીં વેણુ વાતા'તા
વનમાળી ?"
લહર વમળને કહે, વમળ એ વાત સ્મરે સ્પંદનમાં...
માધવ ક્યાંય નથી.
કોઈ ન માગે દાણ, કોઈની આણ ન વાટે ફરતી,
હવે કોઈ લજ્જાથી હસતાં રાવ કદી ક્યાં કરતી ?
નંદ કહે જશુમતીને, માતા વ્હાલ ઝરે લોચનમાં.....
માધવ ક્યાંય નથી.
શિર પર ગોરસ મટુકી મારી વાટ ન કેમે ખૂટી,
અબ લગ કંકર એક ન વાગ્યો ગયાં ભાગ્ય મુજ ફૂટી !
કાજળ કહે આંખોને, આંખો વાત વહે અંસુવનમાં !...
માધવ ક્યાંય નથી મધુવનમાં !

"હરીન્દ્ર દવે"



## મારે મહિસાગરને આરે...

હે મારે મહિસાગરને આરે ઢોલ વાગે સે
વાગે સે ઢોલ વાગે સે
ગામ ગામનાં સોનીડા આવે સે
એ આવે સે હુ લાવે સે
મારા માની નથણીયું લાવે સે
મારે મહિસાગરને આરે ઢોલ વાગે સે
ગામ ગામનાં સુથારી આવે સે
એ આવે સે હુ લાવે સે
મારી માનો બાજોઠીયો લાવે સે
મારે મહિસાગરને આરે ઢોલ વાગે સે
ગામ ગામનાં દોશીડા આવે સે
એ આવે સે હુ લાવે સે
મારી માની ચુંદડીયો લાવે સે
મારે મહિસાગરને આરે ઢોલ વાગે સે
હે મારે મહિસાગરને આરે ઢોલ વાગે સે
વાગે સે ઢોલ વાગે સે



## મારા રામ, તમે સીતાજીને તોલે ન આવો

દયાના સાગર થઇ ને, કૃપા રે નીધાન થઇ ને

છો ને ભગવાન કેવરાવો

પણ રામ તમે સીતાજીની તોલે ન આવો.. મારા સોળે શણગાર

સજી મંદિરને દ્વાર તમે ફૂલ ને ચંદન થી છો પૂજાઓ

પણ રામ તમે સીતાજીની તોલે ન આવો.. મારા..

કાચા રે કાન તમે ક્યાં ના ભગવાન તમે

અગ્નિ પરીક્ષા કોની કીધી

તારો પડછાયો થઇ જઇ ને

વગડો રે વેઠ્યો એને લોકોની વાતે ત્યાગી દીધી

પતિ થઇ ને પત્નીને પારખતાં ન આવડી

છો ને ઘટઘટના જ્ઞાતા થઇ ફૂલાઓ

પણ રામ તમે સીતાજીની તોલે ન આવો... મારા..

તમથીયે પહેલા અશોક વનમાં સીતાજી એ રાવણને હરાવ્યો

દૈત્યોના બીચમા નીરાધાર નારી તો'યે

દશ માથાવાળો ત્યાં ના ફાવ્યો

મરેલા ને માર્યો તેમા કર્યું શું પરાક્રમ

અમથો વિજય નો લૂટ્યો લ્હાવો

મારા રામ તમે સીતાજી ની તોલે ન આવો

"અવિનાશ વ્યાસ"



## મારી શેરીએથી કાનકુંવર આવતા રે લોલ

મારી શેરીએથી કાનકુંવર આવતા રે લોલ,

મુખેથી મોરલી બજાવતા રે લોલ.

હું તો ઝબકીને જોવા નીસરી રે લોલ

ઓઢણ અંબર વીસરી રે લોલ.

હું તો પાણીડાંની મસે જોવા નીસરી રે લોલ,

ઇંઢોણી ને પાટલી વીસરી રે લોલ.

સાગ રે સીસમની મારી વેલડી રે લોલ

નવલે સુતારે ઘડી પીંજણી રે લોલ.

મેં તો ઘોળો ને ઘમળો બે જોડિયા રે લોલ

જઇ અને અમરાપરમાંમાં છોડિયા રે લોલ

અમરાપરના તે ચોકમાં દીવા બળે રે લોલ

મેં તો જાણ્યું ક એ હરિ અહીં વસે રે લોલ

મેં તો દૂધ ને સાકરનો શીરો ક્યો રે લોલ

ત્રાંબાના ત્રાંસમાં ટાઢો કર્યો રે લોલ

હું તો જમવા બેઠી ને જીવણ સાંભર્યા રે લોલ

કંઠેથી કોળિયો ન ઊતર્યો રે લોલ

મને કોઇ તો દેખાડો દીનાનાથને રે લોલ

કોળિયો ભરાવું જમણા હાથનો રે લોલ

હું તો ગોંદરે તે ગાવડીને છોડતી રે લોલ

ચારેય દિશે તે નજર ફેરતી રે લોલ

મેંતો છેટેથી છેલવર દેખિયા રે લોલ

હરિને દેખીને ઘૂંઘટ ખોલિયા રે લોલ

મારી શેરીએ તે કાનકુંવર આવતા રે લોલ

મીઠી તે મોરલી વગાડતા રે લોલ



## મેરૂ તો ડગે પણ જેનાં મન નવ ડગે

મેરૂ તો ડગે પણ જેનાં મન નવ ડગે
ને ભાંગી તો પડે બ્રહ્માંડજી
વિપત્તિ પડે તો યે, વણસે નાહી ને,
સોઈ હરિજનનાં પરમાણજી..........મેરૂ.
ચિત્તની તો વૃત્તિ જેની સદાય જ
નિર્મળ ને કોઈની કરે નહિ આશજી
દાન દેવે પણ, રહેવે અજાચીને
રાખે વચનમાં વિશ્વાસ રે..........મેરૂ.
હરખ ને શોકની જેને નવ આવે હેડકી,
ને આઠ પહોર રે'વે આનંદેજી
નિત્ય ઝીલે રે સત્સંગમાં ને રે
તોડે મોહમાયા કેરા ફંદ રે..........મેરૂ.
તન-મન-જેણે ગુરૂજીને અર્પ્યા,
તે નામ-નિજોરી નર ને નારજી
એકાંતે બેસીને આરાધ માંડે,
તો અલખ પધારે એને દ્વારજી રે..........મેરૂ.
સંગત કરો, તો તમે એવાની કરજો,
જે ભજનમાં રહેવે ભરપૂર રે,
ગંગાસતી એમ બોલિયા,
જેને નેણે તે વરસે ઝાઝાં નૂર રે..........મેરૂ.

"ગંગાસતી"



# મૈલી ચાદર ઓઢકે કૈસે, દ્વાર તુમ્હારે આઉં

મૈલી ચાદર ઓઢકે કૈસે,
દ્વાર તુમ્હારે આઉં
હે પાવન પરમેશ્વર મેરે,
મન હી મન શરમાઉં.. મૈલી ચાદર

તૂને મુઝકો જગમેં ભેજા,
નિર્મલ દેકર કાયા
આ કરકે  સંસારમેં મૈને,
ઈસકો ડાઘ લગાયા
જનમ જનમકી મૈલી ચાદર, કૈસે ડાઘ છુપાઉં.....મૈલી ચાદર

નિર્મલ વાણી પાકર તુઝસે,
નામ ન તેરા ગાયા
નેત્ર મુંદકર હે પરમેશ્વર,
કભી ન તુઝકો ધ્યાયા
મન વીણાકી તારે તૂટી, અબ કયા ગીત સૂનાઉં. .....મૈલી ચાદર

ઈન પૈરોસે ચલકર તેરે,
મંદિર કભી ન આયા
જહાં જહાં હો પૂજા તેરી,
કભી ન શીશ ઝુકાયા
હે મહાવીર (હરીહર) મૈં હારકે આયા.....મૈલી ચાદર



<u>મુને એકલી જાણીને ક્હાને છેડી રે...</u>

મુને એકલી જાણીને ક્હાને છેડી રે...
પછી કહી દઉં જશોદાના કાનમાં.
મારો મારગડો છોડીને હાલતો થા...
પછી કહી દઉં જશોદાના કાનમાં.
મેળામાં મળવા હાલી, મારી સરખી સૈયરને
મેળામાં મળી ગયો પેલો રે તોફાની ક્હાન,
મારો છેડલો ન ઝાલ, તને કહી દઉં છું...
પછી કહી દઉં જશોદાના કાનમાં.
મુને એકલી જાણીને ક્હાને છેડી રે...
બેડલું લઇને હું તો સરોવર ગઇ'તી
પાછું વળીને જોયું, બેડલું ચોરાઇ ગયું,
મારા બેડલાનો ચોર, મારે કેમ લેવો ખોળી...
દઇ દે બેડલું રે ઓ મારા ક્હાનજી.
મુને એકલી જાણીને ક્હાને છેડી રે...

## મુખડાની માયા લાગી રે

મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા
મુખડાની માયા લાગી રે..
મુખડું મેં જોયું તારું, સર્વ જગ થયું ખારું
મન મારું રહ્યું ન્યારું રે..
મોહન પ્યારા, મુખડાની માયા લાગી રે
સંસારીનું સુખ એવું, ઝાંઝવાનાં નીર જેવું
તેને તુચ્છ કરી દેવું રે..
મોહન પ્યારા, મુખડાની માયા લાગી રે
સંસારીનું સુખ કાચું, પરણી ને રંડાવું પાછું
તેને તો શીદ જાચું રે..
મોહન પ્યારા, મુખડાની માયા લાગી રે
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો
મેં તો કરસાયો તારો રે..
મોહન પ્યારા, મુખડાની માયા લાગી રે
મીરાંબાઈ બલિહારી, આશા મુને એક તારી
સંસારથી રહી ન્યારી રે..
મોહન પ્યારા, મુખડાની માયા લાગી રે

\- મીરાંબાઈ

# મુખડા કયા દેખો દરપનમેં,

મુખડા કયા દેખો દરપનમેં,
મુખડા કયા દેખો દરપનમેં,
મહા મૈલ ભરાયા મનમેં,
મુખડા કયા દેખો દરપનમેં. ટેક.

ખાયા પીયા ખેલ ઉડાયા,
ધુંવા લગાયા ધનમેંજી;
ગંડુ સમ સબ કાલ ગમાયા બ હુત રહા બચપનસે. મુખડા..

મુખ માંજત આંજત અંખીયા નિત્ય,
તાલ કરત સબ તનમેં;
પીયા ઝેરી મોહ મદીરા, મૂરખ રહા મગનમેં..મુખડા...

જબ પીંજરેસે પ્રાન છુટેગા,
છાક હઠેગા છીનમેં;
દાસસદા ગુરૂ દેવચંદ્રકે, કોમલ કહે તુજ કનમેં..મુખડા..



## મૂળ રે વિનાનું

મૂળ રે વિનાનું કાયા ઝાડવું રે જી,
એ જી એને પડતાં ન લાગે જો ને વાર.

એને પ્રેમનાં રે ખાતર પુરાવજો,
એની પાળ્યું પહોંચી પિયાની પાસ.

એને સતનાં પાણીડાં સિંચાવજો,
એની મૂરત સૂરત પાણિયાર.

એને શીલ ને સંતોષ બે ફળ હુવાં જી,
એ જી એ તો અમરફળ કહેવાય.

કહે રે રવિ ગુરુ ભાણને,
એ જી પ્રભુને ભજો તો ભવ પાર.

રવિ ભાણ

## મંગલ મંદિર ખોલો

મંગલ મંદિર ખોલો
દયામય ! મંગલ મંદિર ખોલો !

જીવન-વન અતિ વેગે વટાવ્યું,
દ્વાર ઊભો શિશુ ભોળો,
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લ્યો, લ્યો,
દયામય ! મંગલ મંદિર ખોલો !

નામ મધુર તમ રટ્યો નિરતંર,
શિશુ સહ પ્રેમે બોલો,
દિવ્ય-તૃષાતુર આવ્યો બાળક,
પ્રેમ-અમીરસ ઢોળો,
દયામય ! મંગલ મંદિર ખોલો !

"નરસિંહરાવ દિવેટિયા"

## મંદિર તારું વિશ્વ રૂપાળું

મંદિર તારું વિશ્વ રૂપાળું, સુંદર સરજનહારા રે;
પળપળ તારાં દર્શન થાયે, દેખે દેખણહારા રે.

નહિ પૂજારી નહિ કોઇ દેવા, નહિં મંદિરને તાળાં રે;
નીલ ગગનમાં મહિમા ગાતા, ચાંદો સૂરજ તારા રે.

વર્ણન કરતાં શોભા તારી, થાક્યા કવિગણ ધીરા રે;
મંદિરમાં તું ક્યાં છુપાયો, શોધે બાળ અધીરાં રે.

જયંતીલાલ આચાર્ય ‘પુંડરીક’

## રાખનાં રમકડાં

રાખનાં રમકડાં મારા રામે રમતાં રાખ્યાં રે
મૃત્યુલોકની માટીમાંથી માનવ કહીને ભાખ્યાં રે
રાખનાં રમકડાં, રમકડાં ...

બોલે ડોલે રોજ રમકડાં, નિત નિત રમત્યું માંડે
આ મારું આ તારું કહીને એકબીજાને ભાંડે રે,
રાખનાં રમકડાં, રમકડાં ...

એઇ કાચી માટીને કાયામાંથી માયા કેરા રંગ લગાયા
એજી ઢીંગલા ઢીંગલીએ ઘર માંડ્યાં ત્યાં તો વિંઝણલા
વિંઝાયા રે
રાખનાં રમકડાં, રમકડાં ...

તંત અનંતનો તંત ન તૂટ્યો ને રમત અધૂરી રહી,
તનડા ને મનડાની વાતો આવી એવી ગઇ,
રાખનાં રમકડાં, રમકડાં ...

"અવિનાશ વ્યાસ"

# રામ રાખે તેમ રહીએ

રામ રાખે તેમ રહીએ.... ઓધવજી... રામ રાખે તેમ રહીએ..
હે આપણે ચીઠ્ઠીના ચાકર છૈએ... રામ રાખે તેમ રહીએ...

કોઇ દિન પહેરણ હિર ને ચીર તો કોઇ દિન સાદા ફરીએ,
કોઇ દિન ભોજન શિરો ને પૂરી તો કોઇ દિન ભુખ્યાં રહીએ,
ઓધવજી.. રામ રાખે તેમ રહીએ...

કોઇ દિન રહેવાને બાગ-બગીચા તો કોઇ દિન જંગલ રહીએ,
કોઇ દિન સુવાને ગાદી ને તકીયા તો કોઇ દિન ભોંય પર સુઇએ,
ઓધવજી.. રામ રાખે તેમ રહીએ...

બાઇ મીરાં કહે પ્રભુ ગીરીધરના ગુણ સુખ-દુ:ખ સર્વે સહીએ
હે આપણે ચીઠ્ઠીના ચાકર છૈએ... ઓધવજી.. રામ રાખે તેમ રહીએ...

"મીરાંબાઈ"

## <u>રામ રમકડું જડિયું રે રાણાજી</u>

રામ રમકડું જડિયું રે રાણાજી, મને રામ રમકડું જ ડિયું. (ટેક)

રૂમ ઝુમ કરતું મારે મંદિરે પધાર્યું, નહિ કોઈને હાથે ધરિયું રે....રાણા

મોટા મોટા મુનિજન મથી થાક્યા, કોઈ એક વિરલાને હાથે ચડિયું રે..રાણા

શૂન્ય શિખરના રે ઘાટથી ઉપર, અગમ અઘોચર નામ પડિયું રે...રાણા

બાઈ મીરાં કે’ પ્રભુ ગિરિધર નાગર! મારું મન શામળિયાશું જડિયું રે...રાણા



## <u>રાધાનું નામ તમે ......વ્હેતું ના મેલો, ઘનશ્યામ!</u>

રાધાનું નામ તમે વાંસળીના સૂર મહીં વ્હેતું ના મેલો, ઘનશ્યામ!
સાંજ ને સવાર નિત નિંદા કરે છે ઘેલું ઘેલું રે ગોકુળિયું ગામ!
વણગૂથ્યા કેશ અને અણઆંજી આંખડી કે ખાલી બેડાની કરે વાત;
લોકો કરે છે શાને દિવસ ને રાતડી મારા મોહનની પંચાત.
વળી વળી નીરખે છે કુંજગલીઃ પૂછે છે, કેમ અલી? ક્યાં ગઇ તી આમ?
રાધાનું નામ તમે...
કોણે મૂક્યુ રે તારે અંબોડે ફૂલ એની પૂછી પૂછીને લિયે ગંધ;
વહે અંતરની વાત એ તો આંખ્યુની ભૂલ જો કે હોઠોની પાંખડીઓ બંધ
મારે મોંએથી ચહે સાંભળવા સાહેલી માધવનું મધમીઠું નામ;
રાધાનું નામ તમે...

<u>“સુરેશ દલાલ”</u>



## રંગાઇ જાને રંગમાં.....

રંગાઇ જાને રંગમાં.....
સીતારામ તણા સતસંગમાં
રાધેશ્યામ તણા તુ રંગમાં.....રંગાઇ.....

આજે ભજશું, કાલે ભજશું,
ભજશું સીતારામ, ક્યારે ભજશું રાધેશ્યામ,
શ્વાસ તૂટશે, નાડી તૂટશે, પ્રાણ નહીં રે તારા
અંગમાં.....રંગાઇ.....

જીવ જાણતો ઝાઝું જીવશું, મારું છે આ તમામ,
પહેલાં અમર કરી લઉં નામ,
તેડું આવશે, યમનું જાણજે, જાવું પડશે સંગમાં.....રંગાઇ.....

સૌ જન કહેતા પછી જપીશું, પહેલાં મેળવી લોને દામ,
રહેવા ના કરી લો ઠામ,
પ્રભુ પડ્યો છે એમ, ક્યાં રસ્તામાં, સૌ જન કહેતા
વ્યંગમાં.....રંગાઇ....

ઘડપણ આવશે ત્યારે ભજશું, પહેલાં ઘરના કામ તમામ,
પછી ફરીશું તીરથ ધામ,

આતમ એક દિન ઊડી જાશે, તારું શરીર રહેશે
પલંગમાં.....રંગાઇ.....

બત્રીસ જાતનાં ભોજન જમતાં, ભેળી કરીને ભામ,
એમાં ક્યાંથી સાંભરે રામ,
દાન-પુણ્યથી દૂર રહ્યો તું, ફોગટ ફરે છે
ઘમંડમાં.....રંગાઇ.....

રંગ રાગમાં ક્યારે રટાશે, રહી જશે આમ ને આમ,
માટે ઓળખ આતમરામ,
બાબા આનંદે હરિ ૐ અખંડ છે, ભજ તું શિવના
સંગમાં.....રંગાઇ.....



## વડલો કહે મારી વનરાયું સળગી ને

વડલો કહે મારી વનરાયું સળગી ને,
છોડી દીયો ને જૂનાં માળા,
ઊડી જાઓ પંખી પાખ્યું વાળા હોજી..
આભે ચડીયાં સેન અગનનાં ધસીયા અમ દશઢાળાજી,
આ ઘડીયે ચડી ચોટ અમોને, ઝડપી લેશે જ્વાળા,
ઊડી જાઓ પંખી પાખ્યું વાળા હોજી..
બોલ તમારાં હૈયે બેઠાં, રૂડાં ને રસવાળાજી,
કો'ક દિ આવીને ટહુકી જાજો, મારી રાખ ઉપર રૂપાળાં,
ઊડી જાઓ પંખી પાખ્યું વાળા હો જી..
પ્રેમી પંખીડા પાછાં નહીં રે મળીએ, વન મારે વિગ્તાળાજી,
પડદાં આડા મોતનાં પડીયા, તે પર જડીયાં તાળા,
ઊડી જાઓ પંખી પાખ્યું વાળા હો જી..
આશરે તમારે ઈંડાં ઉછેર્યાં, ફળ ખાધાં રસવાળાજી,
મરવા વખતે સાથ છોડી દે તો મોઢાં થાયે મશવાળા,
ઊડી જાઓ પંખી પાખ્યું વાળા હો જી..
ભેળાં મરશું, ભેળાં જનમશું, માથે કરશું માળાજી,
'કાગ' કે આપણે ભેળાં બળીશું, ભેળાં ભરીશું ઉચાળા,
ઊડી જાઓ પંખી પાખ્યું વાળા હો જી..

દુલા ભાયા કાગ



## વ્હાલમની વાંસળી વાગી

વ્હાલમની વાંસળી વાગી,
મારા વ્હાલમની વાંસળી વાગી...
જમુનાજી જળ ભરવા ગઈ'તી,
ત્યાં તો વ્હાલમની વાંસળી વાગી...

મારગડો મેલ્ય અલી જાઉં વનવાટે,
કાનો જુવે છે મારી વાટ... હો...
નજરું ચુરાવી સૈયરની હું તો,
આવી છું તારી હું પાસ... હો...
જમુનાજી જળ ભરવા...

હૈયામાં જાગેલા મોહનનાં મોહને,
કેમે કરી ના સચવાય... હો...
દેરાં મેલી ઘેલી દોડી વનવાટે,
બાંવરી બની હું તારે કાજ... હો...
જમુનાજી જળ ભરવા...



# <u>વૈષ્ણવજન</u>

વૈષ્ણવજન તો તેને રે કહીયે, જે પીડ પરાઈ જાણે રે.
પરદુઃખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે.

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે.
વાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.

સમદ્રષ્ટિને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે.
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે.

મોહ માયા વ્યાપે નહિ જેને, દ્રઢ વૈરાગ્ય જેના મનમાં રે.
રામ નામ શું તાળી રે વાગી, સકળ તિરથ તેના તનમાં રે.

વણલોભી ને કપટ રહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે.
ભણે નરસૈયો તેનું દર્શન કરતા, કુળ ઈકોતેર તાર્યા રે.

<u>નરસિંહ મહેતા</u>

## સરવર કાંઠે શબરી...

સરવર કાંઠે શબરી બેઠી રટે રામનું નામ,
એક દિન આવશે સ્વામી મારા અંતરના આ રામ.
વડલા નીચે ઝૂંપડી એની, નહીં માત નહીં બંધુ-બેની,
એકલડી એક ધ્યાને બેઠી ગાંડી કહે છે ગામ,
એક દિન આવશે સ્વામી મારા અંતરના આ રામ.
ઋષિનાં વચનો હૈયે રાખી, દૂર દૂર નજરો ઘણી નાખી,
ફળ-ફૂલ લાવે, ભોગ ધરાવે, કરતી એનું કામ,
એક દિન આવશે સ્વામી મારા અંતરના આ રામ.
માસ દિવસ ને વર્ષો ગયાં, શબરીબાઈ તો ઘરડાં થયા,
એક ઝગમગે આશા જોતી, સૂક્યા હાડ ને ચામ,
એક દિન આવશે સ્વામી મારા અંતરના આ રામ.
આજે વનમાં વેણુ વાગે, વસંત સેના નીકળી લાગે,
શીતળ મંદ સુગંધી વાયુ વાતો ઠામો ઠામ,
એક દિન આવશે સ્વામી મારા અંતરના આ રામ.
આજ પધાર્યાં શબરીનાં સ્વામી, ધન્યતા આજે ભીલડી પામી,
આશાવેલી પાંગરી એની, મનડું થયું વિરામ,
એક દિન આવશે સ્વામી મારા અંતરના આ રામ.



# સુખદુ:ખ મનમાં ન આણીએ

સુખદુ:ખ મનમાં ન આણીએ, ઘટ સાથે રે ઘડિયાં,
ટાળ્યાં તે કોઈનાં નવ ટળે, રઘુનાથના જડિયા.....સુખદુ:ખ.

નળ રાજા સરખો નર નહિ, જેની દમયંતિ રાણી,
અર્ધવસ્ત્રે વનમાં ભમ્યાં, નયણે નિદ્રા ન આણી.....સુખદુ:ખ.

હરિશ્ચંદ્ર રાય સતવાદિયો, તારા લોચનની રાણી,
તેને વિપત્તિ બહુ પડી, ન મળે અન્ન ને પાણી .......સુખદુ:ખ.

પાંડવ સરખા બંધવા, જેની દ્રોપદી રાણી,
બાર વરસ વન ભોગવ્યાં, ભર્યા નીચ ઘેર પાણી.......સુખદુ:ખ.

સીતા સરખી સતી નહિ, જેના રામજી સ્વામી,
રાવણ તેને હરી ગયો, સતી મહા દુ:ખ પામી.......સુખદુ:ખ.

રાવણ સરખો રાજિયો, જેની મંદોદરી રાણી,
દસ મસ્તક છેદાઈ ગયાં, બધી લંકા લૂટાણી.......સુખદુ:ખ.



# સંગત સંતનકી કરલે

સંગત સંતનકી કરલે, જનમકા સાર્થક કછુ કર લે.

ઉત્તમ દેહી નર પાયા પ્રાણી, ઈસકા હિત કછુ કર લે
સદ્‌ગુરુ શરણ જાકે બાબા, જનમ મરણ દૂર કર લે... સંગત

કહાંસે આવે કહાંકુ જાવે, યે કુછ માલૂમ કરલે;
દો દિનકી જિંદગાની યારો, હોશિયાર હો કર ચલ લે.. સંગત

કૌન કિસીકે જોરુ લડકે, કૌન કિસીકે સાલે;
જબલગ પલ્લોં મેં પૈસા ભાઈ, તબલગ મીઠા બોલે... સંગત

કહત કબીરા સૂનો ભાઈ સાધો, બારબાર નહીં આના;
અપના હિત કછુ કર લે ભઈયા, આખર અકેલા જાના.. સંગત

કબીર

## સાખી

(૧) વૃક્ષ એકજ સેંકડો ફળનું, જતન કરતું રહ્યું,
સેંકડો ફળથી જતન, એક વૃક્ષનું ના થતુ.
(૨) નિંદા કરે ખોટા જનો, તેથી કદી ડરવું નહિ,
ધારેલ સત્ય વિચારથી,પાછા કદી ફરવું નહિ.
(૩) કોને ખબર કયારે મળે, પાછો જનમ માનવતણો,
માટે પ્રભુ ભક્તિ કરો, હજીએ સમય તમને ઘણો.
(૪) અસાર આ સંસારમાં, રમતાં બધાયે સ્વાર્થમાં,
આ દિવ્ય જીવન મેળવી તું, ગાળજે પરમાર્થમાં
(૫) ન્હાયે-ધોયે કયા હુઆ, જો મનમેં મૈલ સમાય;
મીન સદા જલમેં રહે, ધોયે વાસ ન જાય.
(૬) કામ ક્રોધ મદ લોભકી, જબ લગ મનમેં ખાન,
તબ લગ પંડિત મૂર્ખહી, કબીર એક સમાન.
(૭) રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મ નીગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ.
(૮) પાપ કરતા વારીએ, ધર્મ કરતા હા;
બે મારગ બતલાવીએ, પછી ગમે ત્યાં જા.
(૯) શીદને મન ચિંતા કરે, નતનું કીધું થાયના;
ગમતું થાય ગોવિંદનું, તે જાણ્યું નવ જાય.
(૧૦) સાધ સતી ઔર સૂરમા, ઈનકી બાત અગાધ,
આશા છોડે દેહકી, તિનમેં અતિકા સાધ.
(૧૧) હૃદયા ભીતર આરસી, મુખ દેખા નહિ જાય;
મુખ તો તબહિ દેખિહૌ, જબ દિલકી દુબિધા જાય.
(૧૨) બિના ઉપાય કિયે કછુ, દેવ કબહૂ ન દેત;
ખેત બીજ બોયે નહિં, તો કયોં જામે ખેત.
(૧૩) યહ તન કાચા કુમ્ભ હૈ, લિયા ફિરૈ થે સાથ;
ટપકા લાગા ફૂટિ ગયા, કછૂ ન આયા હાથ.

(૧૪) સાધુ ઐસા ચાહિયે, જાકા પૂરન મન;
વિપતિ પડે છાંડે નહી, ચઢૈ ચૌગુના રંગ.
(૧૫) જો યહ એક ન જાનિયા, તો બહુ જાને ક્યા હોય;
એકૈ તે સબ હોત હૈ, સબ સો એક ન હોય.
(૧૬) કબીર ગર્વ ન કીજિયે, ચામ લપેટી હાડ;
એક દિન તેરા છત્ર શિર, દેગા કાળ ઉખાડ.
(૧૭) મન સબ પર અસ્વાર હૈ, મન કે હાથ ન પાવ;
જો મન પર અસ્વાર હૈ, સો વિરલા કોય.
(૧૮) તિમિર ગયા રવિ દેખતે, કુમતિ ગઈ ગુરુજ્ઞાન;
સુમતિ ગઈ અતિ લોભસે, ભકિત ગઈ અભિમાન.
(૧૯) દયા ધર્મ કા મૂલ હૈ, પાપ મૂલ સંતાપ;
જહાં દયા વહાં ધર્મ હૈ, ક્ષમા વહાં હૈ આપ.
(૨૦) દેખો સબમેં રામ હૈ, એકહી રસ ભરપૂર;
જૈસે ઉદ્વાસે સબ બના, ચીની, સક્કર, ગુર.
(૨૧) સુખમેં સુમિરન ના કરે, દુઃખ મેં કરે સબ કોય,
સુખમેં જો સુમિરન કરે, તો દુઃખ કાહેકો હોય?
(૨૨) સાહેબ તેરી સાહેબી, સબ ઘટ રહી સમાય;
જયોં મેંદી કે પાતમેં, લાલી રહી છિપાય.
(૨૩) ફિકર સબનકો ખા ગઈ, ફિકર સબનકા પીર,
ફિકરકી જો ફાકી કરે, ઉસકા નામ ફકીર!
(૨૪) પશુ તનકી પનહી બનત, નર તન કછુ ન હોય;
નર ઉત્તમ કરની કરે, નર નારાયણ હોય.
(૨૫) ચિત ચોખા મન નિર્મલા, બુદ્ધિ ઉત્તમ મન ધીર;
અબ ધોખા કહો કયોં રહે, સત્ગુરુ મિલે કબીર.
(૨૬) કબીરાકા ઘર દૂર હૈ, જૈસે પેડ ખજૂર;
ચઢે તો ચાખે પ્રેમરસ, ગિરે તો ચકનાચૂર.
(૨૭) માયા સમ નહિ મોહિનિ, મન સમાન નહિ ચોર;

હરિજન સમ નહિ પારખી, કોઈ ન દીસે ઔર.
(૨૮) સાહેબકે દરબારમેં, સાંચે કો શિરપાવ,
જૂઠ તમાચા ખાયગા, કયા રંક કયા રાવ.
(૨૯) આયા હૈ સો જાયેગા, રાજા રંક ફકીર;
કોઈ સિંહાસન ચઢ ચલે, કોઈ બાંધ ચલે જંજીર.
(૩૦) બ હુત ગઈ થોડી રહી, વ્યાકુલ મન મત હોય;
ધીરજ સબ કો મિત્ર હૈ, કરી કમાઈ મત ખોય.
(૩૧) તન પવિત્ર તીરથ ગયે, ધન પવિત્ર કર દાન;
મન પવિત્ર હોત તબ, ઉદય હોત ઉર જ્ઞાન.
(૩૨) ઉદર સમાતા અન્ન લે, તનહી સમાતા ચીર,
અધિક હિ સંગ્રહ ના કરૈ, ઉસકા નામ ફકીર.
(૩૩) સાધુ ખાવન કઠિન હૈ, જયોં ખાંડે કી ધાર;
ડગમગ તો ગિર પડે, નિશ્ચલ ઊતર પાર.
(૩૪) ગુરુ બિન જ્ઞાન ન ઊપજે, ગુરુ બિન મિલે ન મોક્ષ;
ગુરુ બિન લખે ન સત્તકો, ગુરુ બિન મિટે ન દોષ.
(૩૫) ધરતીકો કાગજ કરું, કલમ કરું બનરાય,
સાત સમુદર સ્શાહી કરું, હરિગુન લિખ્શો ન જાય.
(૩૬) લાલી મેરે લાલ કી, જિત દેખું તિત લાલ;
લાલી દેખન મૈં ગઈ, મૈં ભી હો ગઈ લાલ.
(૩૭) સોબત સેં સુધર્યા નહિ, વાકા બડા અભાગા;
સોના કેરે પિંજરમેં, રહા કાગ કા કાગ.
(૩૮) ઊંચે ઊંચે સહુ ચડે, નીચું વહે ન કોય;
નીચું નીચું જો વહે, ધ્રુવથી ઊંચે હોય.
(૩૯) લિખના, પઢના, ચાતુરી, યે સબ બાતેં હોય;
કામ દહન, મન વશ કરન, ગગન ચઢન મુશ્કેલ.
(૪૦) જાત ન પૂછિયે સાધુ કી, પૂછ લિજિયે જ્ઞાન;
મોલ કરો તલવાર કા, પડા રહન દો મ્યાન.

(૪૧) જપ તપ તીરથ કરે, ઘડી ન છોડે ધ્યાન;
કહહી કબીર ભક્તિ બિના, કભુ ન હોય કલ્યાણ.
(૪૨) કબીર ગર્વ ન કિજીયે, રંક ન હસિયે કોય,
અજીહું નાવ સાગર પડી, ના જાનું કયા હોય?
(૪૩) સંગત કીજે સંતકી, કભી ન નિષ્ફળ હોય,
લોહા પારસ પરસતે, સોભી કંચન હોય.
(૪૪) મીઠા સબસે બોલિયે, સુખ ઊપજે ચહું ઓર;
વસીકરન યહ મંત્ર હૈ, તજિયે બચન કઠોર.
(૪૫) ચકકી ફિરતી દેખકે, દિયા કબીરા રોય,
દો પડ બીચ આય કે, સૈબત ગયા ન કોય!
(૪૬) કામ, ક્રોધ, મદ, લોભકી, જબ લગ ઘટમેં ખાન;
કયા મૂરખ કયા પંડિતા, દોનું એક સમાન.
(૪૭) ત્યાગ તો ઐસા કીજિયે, સબ કુછ એક હી વાર;
સબ પ્રભુકા મેરા નહિ, નિશ્ચય કિયા બિચાર.
(૪૮) ચાહ ગઈ ચિંતા ગઈ, મનવા બેપરવા,
જિનકો કછૂ ન ચહિયે, સો શાહનકા શાહ!
(૪૯) મન મૂવા માયા મુઈ,સંશય મુવા શીર,
અવિનાશી તો ના મરે, તૂ કયોં મરે કબીર?
(૫૦) કરિયે નિત સતસંગકો, બધા સકલ મિટાય;
ઐસા અવસર ના મિલે, દુર્લભ નર તન પાય.
(૫૧) ઔર કર્મ સબ કર્મ હૈ, ભકિત કર્મ નિષ્કર્મ;
કહહિં કબીર પુકાર કે, ભકિત કરો તજી ભર્મ.
(૫૨) કબીર કૂવા એક હૈ, પનિહારી અનેક;
ન્શારે ન્શારે બરતન ભયે, પાની સબમેં એક.
(૫૩) જપ, તપ ઔર વ્રતૈદ સબ, તહાં લગી ભ્રમરૂપ
જહાં લગી નહિ સંતકી, પાઈ કૃપા અનૂપ.
(૫૪) જાત જાત કો પાહુના, જાત જાત ઘર જાય;
સાહેબ જાત અજાત હૈ, સબ ઘટ રહા સમાય.

(૫૫) જેની જીભે જાદવો, જેને રોમે રામ;
આઠે સિદ્ધિ આંગણે, જોગંદરને ધામ.

(૫૬) લૂટ સકે તો લૂટી લૈ, રામનામકી લૂટ;
ફિર પીછે પછિતાયેગે, પ્રાણૈ હંગે છૂટ.

(૫૭) વીંછી કેરી વેદના, જેને વીતી હોય;
તે જાણે પીડ પારકી, અવર ન જાણે કોય.

(૫૮) કર્મમાં જે લેખ લખ્યા, તે મિથ્યા નવ થાય;
રંક મટી રાજા બને, રજા રંક જ થાય.

(૫૯) બડા બડાઈ ના કરે, બડા ન બોલે બોલ;
હીરા મુખસે ના કહે. લાખ હમારા મોલ.

(૬૦) ટુકડા માંહિ ટુક દે, ચીરા માંહિ દે ચીર;
જો દિયે સો પાવહિં, યા કહે સંત કબીર.

(૬૧) જબ તું જન્મીયાં જગમેં, જગ હસે તું રોય,
ઐસી કરની કર ચલો, તુમ હસે જગ રોય.

(૬૨) બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત;
સેવે સદ્‌ગુરુ કે ચરન, સો પાવે સાક્ષાત.

(૬૩) જાતે જે નર કરી શકે, તે ન અવરથી થાય,
આપ મુવા વિના કોઈથી સ્વર્ગે નવ જવાય.

(૬૪) ચતુર નર મન ચિંતવે, કીજે ઉત્તમ કામ;
ધન ખરચી ધીરજ ધરી, જગમાંહી રાખે નામ.

(૬૫) શિયાળે સમરૂં તને, ને ઉનાળે પણ ના વિસરૂં
ચોમાસે ચિત્તમાં ધરૂં, ને વંદુ બારેમાસ

(૬૬) આપ તજૈ હરિ ભજૈ, નખશીખ તજૈ વિકાર;
સબ જીવસે નિર્વેર રહે, સાધ મતા હે સાર.

(૬૭) કબીર! માયા ડૈકની! ખાયા સબ સંસાર;
ખાઈ ન સકી કબીરકો, જાકે રામ આધાર!

(૬૮) નામ લિયા જિન સબ લિયા, સબ શાસનકો ભેદ;
બિના નામ નરકે ગયે, પઢિગુનિ ચારોં વેદ.

(૬૯) લાખો અહિં ચાલ્યા ગયા, લાખો બીજે ચાલ્યા જશે
માટી તણી આ જિંદગી, માટી માંહી મળી જશે.

(૭૦) કદમ અસ્થિર હોય એને, કદી રસ્તો નથી જડતો;
અડગ મનના મુસાફીરને, હિમાલય પણ નથી નડતો.

(૭૧) કશું ન નીપજે એકથી, ફોકટ મન ફુલાય;
કમાડ ને તાળું મળી,ઘરનું રક્ષણ થાય.

(૭૨) મન મિલે તો કરિયે મેલા, ચિત્ત મિલે હો રહિયે ચેલા;
કબીરજી યૂં કહે સાધુ, સબ સે શ્રેષ્ઠ જો રહે અકેલા.

(૭૩) નીચ નિચાઈ ના તજે, જો પાવે સતસંગ;
તુલસી ચંદન લિપટકે, વિષ નહિ તજે ભુજંગ.

(૭૪) નારાયણ દો બાતકો, દીજે સદા બિસાર;
કરી બૂરાઈ ઔરને, આપ કિયો ઉપકાર.

(૭૫) દેતે સૌ લેતે નહીં, કરતે હૈ ઈનકાર;
માંગે જબ મિલતા નહીં, એ જગકા ઈકરાર.

(૭૬) રામ રામ સબ કોઈ કહે, ઠગ ઠાકુર અરું ચોર;
બિના પ્રેમ રીઝે નહીં, તુલસી નંદકિશોર.

(૭૭) બડે બડે સબ કહત હૈ, બડે બડે મેં ફેર;
સરિતા સબ મીઠી લગે, સમુદ્ર ખારો ઝેર.

(૭૮) નારાયણ આ જગતમેં, હૈં દો વસ્તું સાર;
સબસે મીઠો બોલવો, કરનો પર ઉપકાર.

(૭૯) આનંદ કહે પરમાનંદા, માણસે માણસે ફેર;
એક લઈને પાછો આપે, એક કરાવે ઝેર.

(૮૦) મન મેલા તન ઉજલા, બગલા કપટી અંગ;
તાતે તો કૌઆ ભલા, તન મન એક હી રંગ.

## સાથીયા પુરાવો દ્વારે

હે રણચંડી દુર્ગા ચામુંડા, કરતા સહુની રખવાળી,
હે મહાસુર મર્દિની અંબિકા જય જય મા ગબ્બરવાળી,
જય જય આરાસુરવાળી...
હે બ્રહ્મનાં ખોળે રમતા બાળારૂપે બહુચરવાળી,
ગરબે રમવા આવો બાળ સૌ વિનવે મા પાવાવાળી,
જય જય જય જય મહાકાળી...
જય જય જય જય મહાકાળી...

સાથીયા પુરાવો દ્વારે, દિવડાં પ્રગટાવો રાજ,
આજ મારે આંગણે પધારશે મા પાવાવાળી,
જય અંબે જય અંબે અંબે જય જય અંબે...

વાંઝિયાનું મેણું ટાળી રમવા રાજકુમાર દે, મા ખોળાનો ખુંદનાર દે.
કુંવારી કન્યાને માડી મનગમતો ભરથાર દે, મા પ્રિતમજીનો પ્યાર દે.

નિર્ધનને ધનધાન્ય આપે, રાખે માડી સૌની લાજ
આજ મારે આંગણે પધારશે મા પાવાવાળી... જય અંબે...

કુમકુમ પગલા ભરશે માડી સાતે પેઢી તરશે, મારી સાતે પેઢી તરશે.

આદ્યશક્તિ મા પાવાવાળી જનમ જનમની હરશે, પીડા જનમ જનમની હરશે.

દઈ દઈ તાળી ગાઓ આજ વાજિંત્રો વગડાવો રાજ
આજ મારે આંગણે પધારશે મા પાવાવાળી... જય અંબે...

## સાચી રે મારી સત રે ભવાની મા

સાચી રે મારી સત રે ભવાની મા, અંબા ભવાની મા,
હું તો તારી સેવા કરીશ, મૈયાલાલ,
નવ નવ નોરતાં, પૂજાઓ કરીશમા,
વિરાટનો ગરબો તારો ઝીલીશ મૈયાલાલ.....સાચી રે.....
જ્યોતિમાં એક તારી છે જ્યોતિ,
માતા સતનું ચમકે છે મોતી,
માડી રે મારી શક્તિ ભવાની મા,
હું તો તારી આરતી ઉતારું, મૈયાલાલ.....સાચી રે.....
શક્તિ રે, તું તો જગની જનેતા મા,
ભોળી ભવાની મા, અંબા ભવાની માત,
હું તો તારા પગલાં પૂજીશ મૈયાલાલ.....સાચી રે.....
જગમાં તેં જ એક માયા રચાવી,
દર્શન દેવા તું સામે રે આવી;
માડી રે આવો રમવા ભવાની મા,
હું તો તારાં વારણાં લઇશ મૈયાલાલ.....સાચી રે.....



# સોનલ ગરબો શીરે ..

સોનલ ગરબો શીરે અંબે મા,
ચાલો ધીરે ધીરે મા.

હે ચાલો ધીરે ધીરે, ચાલો ધીરે ધીરે,
ચાલો ધીરે ધીરે મા.

સખીઓ સંગાથે કેવા ઘૂમે છે,
ફરરર ફૂંદડી ફરે અંબે મા,
ચાલો ધીરે ધીરે મા.

હે ચાલો ધીરે ધીરે, ચાલો ધીરે ધીરે,
ચાલો ધીરે ધીરે મા.

સોનલ ગરબો શીરે અંબે મા,
ચાલો ધીરે ધીરે મા.

# શંભુ ચરણે પડી

શંભુ ચરણે પડી, માગું ઘડી રે ઘડી કષ્ટ કાપો ।
દયા કરી દર્શન શિવ આપો ॥૧॥
તમે ભક્તોના દુઃખ હરનારા, શુભ સૌનું સદા કરનારા ।
મારી મંદ મતિ, તારી અકળ ગતિ, કષ્ટ કાપો ॥૨॥ દયા કરી
અંગે ભસ્મ સ્મશાનની ચોળી, સંગે રાખો સદા ભૂત ટોળી ।
ભાલે તિલક કર્યું, કંઠે વિષ ધર્યું, અમૃત આપો ॥૩॥ દયા કરી
નેતિ નેતિ જ્યાં વેદ કહે છે, મારું ચિતડું ત્યાં જવા ચહે છે ।
સારા જગમાં છે તું, વસું તારામાં હું, શક્તિ આપો ॥૪॥ દયા કરી
હું તો એકલપંથ પ્રવાસી, છતાં આતમ કેમ ઉદાસી ।
થાક્યો મથી રે મથી, કારણ મળતું નથી, સમજણ આપો ॥૫॥ દયા કરી
આપો દ્રષ્ટિમાં તેજ અનોખું, સારી સૃષ્ટિમાં શિવરુપ દેખું ।
આવી દિલમાં વસો, આવી હૈયે હસો, શાંતિ સ્થાપો ॥૬॥ દયા કરી
ભોળાશંકર ભવદુઃખ કાપો, નિત્ય સેવાનું શુભ ધન આપો ।
ટાળો મન મદા, ગાળો સર્વ સદા, ભક્તિ આપો ॥૭॥ દયા કરી
શંભુ ચરણે પડી, માગું ઘડી રે ઘડી કષ્ટ કાપો ॥૮॥ દયા કરી

## શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમન

શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમન, હરણ ભવભય દારૂણમ્
નવ કંજ લોચન કંજ મુખ કર, કંજ પદ કંજારૂણમ્ ...
શ્રી રામચંદ્ર

કંદર્પ અગણિત અમિત છબી નવ નિલ નીરજ
સુંદરમ્,
પટ પિત માનહું તડિત રૂચિ સુચિ નવમી
જનકસુતાવરમ્ ... શ્રી રામચંદ્ર

ભજ દીન બંધુ દિનેશ દાનવ દલન દુષ્ટ નિકંદનમ્
રઘુનંદ આનંદ કંદ કૌશલ્ય ચંદ દશરથ નંદનમ્ ...
શ્રી રામચંદ્ર

શિર મુગટ કુંડલ તિલક ચારૂ ઉદાર અંગ વિભૂષણમ્
આજાન્ ભૂજ શર ચાપ ધર સંગ્રામ જીત ખર દુષણમ્
... શ્રી રામચંદ્ર

ઇતિ વદતિ તુલસીદાસ શંકર શેષ મુનિજન રંજનમ્
મમ હૃદયકુંજ નિવાસ કરો કામાદિ ખલ દલ ગંજનમ્
... શ્રી રામચંદ્ર

“તુલસીદાસ”



## હું તો કાગળિયાં લખી લખી થાકી

હું તો કાગળિયાં લખી લખી થાકી
કાનુડા તારા મનમાં નથી
આવા શિયાળાના ચાર ચાર મહિના આવ્યા
મારા કાળજડાં ઠરી ઠરી જાય રે
પાતળીયા તારા મનમાં નથી
હું તો કાગળિયાં લખી લખી થાકી
કાનુડા તારા મનમાં નથી
આવા ઉનાળાના ચાર ચાર મહિના આવ્યા
મારા પાવનિયાં બળી બળી જાય રે
છોગાળા તારા મનમાં નથી
હું તો કાગળિયાં લખી લખી થાકી
કાનુડા તારા મનમાં નથી
આવા ચોમાસાનાં ચાર ચાર મહિના આવ્યા
મારી ચૂંદલડી ભીંજાઇ ભીંજાઇ જાય રે
કાનુડા તારા મનમાં નથી
હું તો કાગળિયાં લખી લખી થાકી
કાનુડા તારા મનમાં નથી



# હંસલા હાલોને હવે મોતીડા નહીં રે જડે

હંસલા હાલોને હવે મોતીડા નહીં રે જડે

આતો ઝાંઝવાના પાણી આશ ઝુઠી રે બંધાણી મોતીડા નહી જડે.

ધીરે ધીરે પ્રીતી કેરો દિવડો પ્રગટાવ્યો

રામના રખોયા મારો ઘુંઘટ રે ઢાંક્યો

કાયા ભલેરે બળે, મારી માટી મળે

પ્રીતડી નહીં ર મળે......હંસલા હાલોને...

વહેલો રે મોડો રે મારો સાહ્યબો પધારે

કહેજો રે કે ચુંદડી રાતી રે ઓઢાડે

વાયો વાયો રે ધીમો માથે મેહુલાનો માર

દિવડા નહીં રે બળે.. ......હંસલા હાલોને...



## હે કિરતાર મને આધાર તારો

હે કિરતાર મને આધાર તારો, જો જે ના છૂટી જાય
હે પ્રભુ ! તારા પ્રમનો ખજાનો, જો જે ના ખૂટી જાય.....

તારો આધાર મને આ અવનિમાં,
આપે પ્રકાશ જ્યોત આ રજનીમા
શ્રદ્ધાથી બાંધી છે ગાંઠો મેં સ્નેહની,
જો જે ના છૂટી જાય.....

શક્તિ પ્રમાણે ભક્તિ કરું છું,
આ જીવન તું જ ચરણે ધરું છું
પ્રેમનો પ્યાલો પીવા જાઉં ત્યાં,
જો જે ના છૂટી જાય.....

ગાઉં છું હે પ્રભુ ગીત તુજ પ્રીતના,
સ્નેહથી ભરેલા સૂરો સંગીતના
લાખના હીરાને હાથમાંથી કોઈ,
જો જે ના લૂંટી જાય.....

## હે જ્યોર્તિધર સત્ય પ્રકાશો, અમ મન મંદિરીયે,

હે જ્યોર્તિધર સત્ય પ્રકાશો, અમ મન મંદિરીયે,
અમ મન મંદિરીયે.

ભાવ ભરીયા દીપ જલાવી,
બેઠા  ઉર આંગણીયા સજાવી.
એકવાર તો કરજો વાસો (૨)... અમ મન મંદિરીયે.

આપો તો સમ દૃષ્ટિ માગું,
વાણી વિનય સુબુદ્ધિ માગું
પ્રેરણા પરિમલ બની લહેરવો..... અમ મન મંદિરીયે.

હે જ્યોર્તિધર સત્ય પ્રકાશો, અમ મન મંદિરીયે,
અમ મન મંદિરીયે.

# હે જગ જનની.....

હે જગ જનની હે જગદંબા(૨)
માત કૃપાળુ શરણે લેજે (૨).... હે જગ જનની
આદ્ય શકિત આદિ અનાદિ (૨)
અરજી પ્રભુ તું ઉરમા ધરજે(૨) ... હે જગ જનની
હા...હોય ભલે દુઃખ મેરુ સરીખું
રંજ એનું નહિ થાવા દેજે,
રજ સરીખું દુઃખ જોઈ બીજાનું મને માં (૨)
રોવાને બે  આંસુ દેજે............ હે જગ જનની
હા.......આતમા કોઈનો આનંદ પામે
ભલે સંતાપી લે મુજ આતમને,
આનંદ એનો અખંડ રહેજો માં (૨)
કંટક દે મને પુષ્પો તેનો.. ... હે જગ જનની
હા.........ધુપ બનું સુગંધ તું લેજે માં
મને રાખ બનીને ઊડી જાવા દેજે,
બળું ભલે પણ બાળું નહિ કોઈને (૨)
જીવન મારું તું સુગંધિત કરજે... હે જગ જનની
હા....કોઈ કોઈના તીરનું નિશાન બનીને
દિલ મારું તું વિંધાવા દેજે(૨)
ઘા સહી લઉં, ઘા કરું નહિ કોઈને (૨)
મને ઘાયલ થઈ પડી રહેવા દેજે... હે જગ જનની
હા....દેજે તું શકિત દે જે મને ભકિત માં
દુનિયાના દુઃખ સહેવા દેજે (૨)
શાંતિ દુર્લભ તારા ચરણે (૨)
હે માં તું મને ખોળે લેજે... હે જગ જનની



## હે મુને એકલી મૂકીને રમે રાસ....

હે મુને એકલી મૂકીને રમે રાસ
રંગીલા રાજા હવે નહી આવું તારી પાસ
હે મુને એકલી....

મનની માનેલી તને.. મેલું શું એકલી
વા'લી લાગે છે મુને.. રાધા રુઠેલી
હે મારા તન-મનમાં તારો રે અવાજ
રંગીલા રાજા હવે નહી આવું તારી પાસ
હે મુને એકલી....

અરે નંદનો કિશોર.. આતો નિકળ્યો રે ચોર
મેં તો માન્યો તો મોર.. આતો હરાયો ઢોર
હે મારે નથી જાવું એની ઓર
રંગીલા રાજા હવે નહી આવું તારી પાસ
હે મુને એકલી....

## હે શારદે મા !હે શારદે મા !

હે શારદે મા !હે શારદે મા !અજ્ઞાનતા સે હમે તાર દે મા)૨(
તુ સ્વર્ગ કી દેવી, યે સંગીત તુજ સે,
હર શબ્દ તેરા હે, હર ગીત તુજ સે,
હમ હે અકેલે, હમ હે અધૂરે..
તેરી શરણ હમ, હમેં તાર દે મા..
હે શારદે મા !હે શારદે મા !અજ્ઞાનતા સે હમે તાર દે મા)..૨(
મુનિઓને સમજી, ગુણીઓને જાની,
વેદોં કી ભાષા, પુરાનોં કી બાની,
હમ ભી તો સમજેં, હમ ભી તો જાનેં,
વિદ્યાકા હમકો અધિકાર દે મા,
હે શારદે મા !હે શારદે મા !અજ્ઞાનતા સે હમે તાર દે મા)..૨(
તું શ્વેતવર્ણી, કમલ પે બિરાજેં,
હાથોં મેં વિણા, મુકુટ સર પે રાજે,
મનસે હમારેં મિટાદે અંધેરા,
હમકો ઉજાલોં કા સંસાર દે મા,
હે શારદે મા !હે શારદે મા !અજ્ઞાનતા સે હમે તાર દે મા)..૨(

## હું તો કાગળિયાં લખી લખી થાકી

હું તો કાગળિયાં લખી લખી થાકી
કાનુડા તારા મનમાં નથી
આવા શિયાળાના ચાર ચાર મહિના આવ્યા
મારા કાળજડાં ઠરી ઠરી જાય રે
પાતળીયા તારા મનમાં નથી
હું તો કાગળિયાં લખી લખી થાકી
કાનુડા તારા મનમાં નથી
આવા ઉનાળાના ચાર ચાર મહિના આવ્યા
મારા પાવનિયાં બળી બળી જાય રે
છોગાળા તારા મનમાં નથી
હું તો કાગળિયાં લખી લખી થાકી
કાનુડા તારા મનમાં નથી
આવા ચોમાસાનાં ચાર ચાર મહિના આવ્યા
મારી ચૂંદલડી ભીંજાઇ ભીંજાઇ જાય રે
કાનુડા તારા મનમાં નથી
હું તો કાગળિયાં લખી લખી થાકી
કાનુડા તારા મનમાં નથી



# દાન દે... વરદાન દે...

દાન દે, વરદાન દે, પ્રભુ દાન દે
નરસિંહ અને મીરાં સમા
કંઠમાં કંઇ ગાન દે... દાન દે...
વૈભવ તારા રૂપનો, ઝીલી શકું એ ભાવ દે
તારા વિના તડપી મરું, એવા કલેજે ઘાવ દે
વસંત જ્યાં વરસે કૃપાની, એવા ઊરે વેરાન
દે.... દાન દે...
કંપી ઊઠે તારો વીણાના તારા જ કેવળ
રાગમાં
મઘમઘે આ ફૂલ મનનું, તારા પ્રેમ પરાગમાં
ભાળીશકું સર્વત્ર તુજને, એવું આતમ જ્ઞાન
દે... દાન દે...

/– જયંત પલાણ



# प्रभु जी तुम चंदन हम पानी......

प्रभु जी तुम चंदन हम पानी,
जाकी अंगअंग बास समानी-,
प्रभु जी तुम चँदन हम पानी ॥

प्रभु जी तुम घन बन हम मोरा,
जैसे चितवत चंद्र चकोरा,
प्रभु जी तुम चँदन हम पानी,
जाकी अंगअंग बास समानी-,
प्रभु जी तुम चँदन हम पानी ॥

प्रभु जी तुम मोती हम धागा,
जैसे सोनहिं मिलत सोहागा,
प्रभु जी तुम चँदन हम पानी,
जाकी अंगअंग बास समानी-,
प्रभु जी तुम चँदन हम पानी ॥

प्रभु जी तुम दीपक हम बाती,
जाकी जोति बरै दिन राती,
प्रभु जी तुम चँदन हम पानी,
जाकी अंगअंग बास समानी-,
प्रभु जी तुम चँदन हम पानी ॥

प्रभु जी तुम स्वामी हम दासा,
ऐसी भक्ति करे 'रैदासा',
प्रभु जी तुम चँदन हम पानी,
जाकी अंगअंग बास समानी-,
प्रभु जी तुम चँदन हम पानी ॥

प्रभु जी तुम चंदन हम पानी,
जाकी अंग-अंग बास समानी,
प्रभु जी तुम चँदन हम पानी ॥

